A

Companion to Macmillan's New English Reader 1.

Containing pronunciations, Meanings of difficult words and Gujarati translation with an extra knowledge of English

for

the use of students preparing for standard 1 of Middle Schools.

by

Bhojajee V. Daiya.

મેકમિલન કૃત ન્યુ ઈંગ્લિશ રીડર ૧લા ના સાથી.

Published by

S. B. Shah & Co.

Booksellers & Publishers,

Pankor Naka, Ahmedabad.

0—8—0

A

Companion to Macmillan's New English Reader 1.

ontaining pronunciations, Meanings of difficult words and Gujarati translation with an extra knowledge of English

for

the use of students preparing for standard 1 of Middle 'Schools,

by

Bhojajee V. Daiya.

Retired Highor Assistant Master,
Alfred High School, Rajkot.
and
Late Head Master, Cantonment A. V. School
Camp Deesa.

મેકમિલન કૃત ન્યુ ઇંગ્લિશ રીડર ૧લા નો સાથી.

Published by

S. B. Shah & Co.

Booksellers & Publishers,
Pankor Naka, Ahmedabad.

First Edition. 1918. Copies 2100.

Printed by Shankerrai Amritrai
at "the Gnan Mandir Printing Press."
Sankdi Sheri Road, Ahmedabad

પ્રસ્તાવના.

મેક મિલન કૃત ન્યુ ઇંગ્લિશ રીડર ૧ લાની આ નોટ પ્રગટ કરવાનો અમારો હેતુ જે ગરીબ વિદ્યાર્થીઓ તેની અંદર આવેલા કઠણ ઈંગ્રેજી શબ્દોના અર્થ કાઢવા માટે નાની કે મોટી ઇંગ્રેજી–ગુજરાતી ડીક્ષનેરીઓ ખરીદ શકતા નથી તેમને મદદ કરવાનો છે.

ન્યુ ઇન્ગ્લિશ રીડર ૧ લાની કેટલીક મીનિંગ બુકો પ્રગટ થયેલી છે. પણ આ નોટ તેમના કરતા જરા જુદા પ્રકારની છે. તે મુકાબલો કરવાથી માલમ પડશે. આ નોટમાં બીજી નોટો માફક કઠણ શબ્દોના ઉચ્ચાર તથા અર્થ અને તરજુમો આપેલાં છે. તે સિવાય કેટલાક શબ્દો ઉપરથી થયેલા બીજા શબ્દો તથા તે સંબધ ધરાવનારા શબ્દો અર્થ સાથે આપેલા છે જેથી કરીને વિદ્યાર્થીઓને શબ્દોનું જ્ઞાન થાય, અને તે ઉપરના ધોરણોમાં વધારે ઉપયોગી થઇ પડે.

તરજુમો આપવાનો હેતુ વિદ્યાર્થીઓને તે મોઢે કરવાનો નથી. પણ તે વાંચી પોતાની મેળે તેનો ઇંગ્રેજીમાં તરજુમો કરી તે અસલ ઇંગ્રેજી સાથે મુકાબલો કરી જોવો. આમ કરવાથી વિદ્યાર્થીઓને ઇંગ્રેજી ભાષાનું શુદ્ધ જ્ઞાન થશે, અને તેઓ શુદ્ધ લખતાંને બોલતાં શીખશે. એ ઇંગ્રેજી શુધ બોલવાની ને લખવાની આ કુંચી છે. તે અનુભવી માસ્તરો સિવાય બીજા કોઈ બતાવી શકતા નથી, માટે આ સૂચના કરવી પડી છે.

આ નોટ પ્રગટ કરવાનો અમારો હેતુ પાર પડશે તો અમે બીજા ભાગોની આવી જાતની નોટ છપાવીશું.

સપ્ટેંબર સને ૧૯૧૮ } એસ. બી. શાહ.
અમદાવાદ.

Companion to Macmillan's New English Reader No. 1.

(With an extra knowledge of English.)

I. Our school,[1] અમારી નિશાળ

Govind (ગોવિંદ) એ વિદ્યાર્થીનું નામ છે.

Monday 2 (મનડે) સોમવાર.

Morning (મોર્નિંગ્) સવાર

Just then (જસ્ટધૅન્) તેજ વખતે

To see 3 (ટુ સી) મળવાને.

Lives 4 (લીવ્ઝ્) રહે છે.

Next (નૅકસ્ટ્) પાસેના.

Good Morning 5 (ગુડ મોર્નિંગ્) સવારની સલામ.

Friend 6 (ફ્રૅન્ડ્) મિત્ર, દોસ્તદાર, ભાઇબંધ.

Yes (યસ્) હા.

Starting (સ્ટાર્ટિંગ્) ઉપડતો.

Father (ફાધર્) બાપ.

Told (ટોલ્ડ્) કહ્યું.

---

(1) School-fellow નિશાળે સાથે ભણનારો.

(2) Tuesday મંગળવાર, Wednesday બુધવાર, Thursday ગુરૂવાર, Friday શુક્રવાર, Saturday શનિવાર.

(3) To see off વળાવા જવું. As, I am going to the station to see my brother off હું મારા ભાઇને સ્ટેશન પર વળાવા જાઉં છું.

(4) બીજો ઉચ્ચાર લાઇવ્ઝ છે. તેનો અર્થ જન્મ વૃતાંત થાય છે.

(5) Friend એ શબ્દ સામાન્ય જાતીમાં છે. Friendship દોસ્તી.

(6) Good morning સવારની સલામ. Good afternoon બપોર પછીની સલામ, Good noon બપોરની સલામ, Good evening સાંજની સલામ. Good night રાતની સલામ (વળતી વખતની,) Good bye વળતી વખતની સલામ ગમે તે વખતની.

With you (ઉવિથ્ યુ) તમારી સાથે
Come along (કમ ઍ લૉન્ગ્)ચાલો
(along-આગળ)
Picture (પિક્ચર્) ચિત્ર
Class-room (ક્લાસ-રૂમ્) વર્ગનો ઓરડો.
Was drawn (વૉઝ ડ્રૉન્) કાઢવામાં આવ્યું હતું.
School writer (સ્કૂલ રાઇટર્) નિશાળનો ચિત્રકાર.
There (ધૅર્) ત્યાં.
Sitting (સિટિંગ્) બેઠેલા.
At a table (ઍટ એ ટેબલ્) મેજ પાસે.
Desk (ડેસ્ક્) ઢાળ પડતું લાંબુ ટેબલ જેના ઉપર છોકરા લખે છે
Are sitting (આર સિટિંગ્) બેઠેલા છે.
Bench (બેન્ચ્) પાટલી.
Another (અનધર્) બીજું.
Are lying 1 (આર લાઇન્ગ્) પડેલી છે, પડી છે.
Behind2 (બીહાન્ડ્) પાછળ.
Them (ધૅમ્) તેમને.

Too small (ટૂ સ્મૉલ્) જોઇએ તે કરતાં નાની.
Tall (ટૉલ્) ઉંચો.
Gentleman(જેન્ટલ્મૅન્)સદ્ગૃહસ્થ
Standing up (સ્ટૅન્ડિંગ્ અપ્) ઉભો રહેલો.
Turban (ટર્બન્) પાઘડી.
Has on (હૅઝ ઑન્) માથા પર છે
Class-master (ક્લાસ માસ્ટર્) વર્ગનો શિક્ષક.
Left3 (લૅફ્ટ્) ડાબો.
Hand (હૅન્ડ્) હાથ (કાંડાથી તે આંગળી સુધીનો ભાગ.
Globe (ગ્લોબ)પૃથ્વીનો કૃત્રિમ ગોળો
Finger (ફીન્ગર્) આંગળી
Is pointing to (ઈઝ પોઇન્ટિંગ ટુ) બતાવે છે.
Shape (શેપ્) આકાર.
The earth (ધી અર્થ) પૃથ્વી.
High (હાઇ) ઉંચી.
Stand (સ્ટૅન્ડ્) લાકડાની ઘોડી.
Close (કલોઝ્) નજીક, પાસે.
Wall(વૉલ્) દીવાલ.
Maps (મૅપ્સ્) નકશા.

---

(1) Lying-in-સુવાવડ. (2) Hind-પાછલા.જેમકે Hind legs પાછલા પગ. (3) Right-જમણો. (4) ઘડીઆળના મીનીટ અને કલાક કાંટાને Hand કહે છે. નિશાળના મદદનીશ માસ્તરને પણ Hand કહે છે (5) Earth માટી.

England (ઇગ્લૅન્ડ) ઇગ્લાંડ દેશ.
Show (શો) બતાવવું.
Things (થિન્ગ્ઝ) ચીજો.
Room (રૂમ્) ઓરડો.
Let (લૅટ્) દેવું.
Or (ઑર્) અથવા.
Latel (લેટ્) મોડો
Term (ટર્મ્) અધ્યયનકાળ, વિદ્યાશાળાઓમાં હાજર રહી શિક્ષણ લેવાના દિવસો.
To day (ટુ ડે) આજ.
Opens (ઑપન્સ્) ઉઘડે છે.
There (ધેર) વાક્યના શરૂઆતમાં ધેર શબ્દનો અર્થ થતો નથી, ત્યાં વાક્ય શરૂ કરવામાં વપરાય છે.
Many (મૅની) ઘણા.
New (ન્યુ) નવા.
Haveleft (હેવલૅફ્ટ્)છોડી દીધી છે.
Old2 (ઓલ્ડ) જુની.
Taught (ટૉટ્) શિખવ્યું.
Knows (નોઝ્) જાણે છે.
Very 3 (વૅરી) ઘણું.
First Primer (ફર્સ્ટ પ્રિમર્) પહેલી બાળપોથી.
Call (કૉલ્) (નામ) કહીને બોલાવવું
Sir 4 (સર્) સાહેબ.
Play (પ્લે) રમત.
Games (ગેમ્સ્) રમતો.
Work (વર્ક્) કામ કરવું,મહેનતકરવી
Hard (હાર્ડ્) સખત.
At a time (ઍટ ટાઈમ)એકીવખતે
Ball 5 (બૉલ) દડો.
Yesterday (યસટ્રડે) ગઈ કાલ.
Home (હોમ્) પોતાનું ઘર.

---

(1) Early વહેલો. (2) Old બીજો અર્થ " ઘરડો " થાય છે. (3) Very જ્યારે વિશેષણ હોય ત્યારે તેનો અર્થ ' તેજ ' થાય છે જેમકે He is the very boy I saw yesterday તેજ છોકરાને મેં ગઇ કાલે જોયો. (4) Sir નરજાતી છે, તેની નારીજાતી Madam કે Maam છે, તે સ્ત્રીઓને કહીને બોલાવવામાં આવે છે (5) Ball નો બીજો અર્થ સાહેબ લોકનો નાચ થાયછે, તેમાં સાહેબને મડમ સાથે નાચે છે.

૧ આપણી નિશાળ.

સોમવારે સવારે ગોવિંદ નિશાળે જતો હતો. તે વખતે ગોપાળ તેને મળવા અંદર આવ્યો. ગોપાળ એનો મિત્ર છે. તે પાસેના ઘરમાં રહે છે.

ગોપાળ—સલામ (સવારની) ગોવિંદ તું નિશાળે જાય છે?

ગોવિંદ—સલામ (સવારની) ગોપાળ; હા, જવાનો વખત થયો છે. હું હમણાંજ ચાલવા માંડું છું.

ગોપાળ—મને તારી સાથે લઈ જઇશ? મારા બાપાએ મને તારી નિશાળે જવાને મને કહ્યું (છે). હું તારી સાથે આવું.

ગોવિંદ—અરે, હા, ચાલ. હું તને મારી સાથે લઈ જઈશ જો! મારા વર્ગનું ચિત્ર આ રહ્યું. તે અમારી નિશાળના કારકુને કાઢયું હતું.

ગોપાળ—કેવું સુંદર ચિત્ર? હું તમને તેમાં જોઇ શકું છું. ત્રણ છોકરા સાથે મેજ આગળ બેઠેલો ઉ ભેલો રહ્યા.

ગોવિંદ—તે મેજ નથી. એ ઢળતી મેજ છે. હું ગને બીજા ત્રણ છોકરા પાટલી પર બેઠા છીએ. અને ઢળતુ મેજ અમારી આગળ છે. અમારી પત્થર પાટીઓ તેના ઉપર પડેલી છે. અમારી પાછળ બીજુ ઢળતું મેજ છે, ને ચાર વધારે છોકરા તેની આગળ બેઠા છે હું તમને ચિત્રમાં જોઈ શકતો નથી. ચિત્ર ઘણુંજ નાનું છે પણ તું એક છોકરાને જોઈ શકે છે.

ગોપાળ—પેલો ઉભેલો ઉંચો સદગૃહસ્થ કોણ છે? તેણે પાઘડી પહેરી છે.

ગોવિંદ—તે અમારા વર્ગનો શિક્ષક છે.

ગોપાળ—તે શું કરે છે?

ગોવિંદ—તે અમને શિખવે છે. તેનો ડાબો હાથ પૃથ્વીના ગોળા ઉપર છે. તે આંગળીથી હિંદુસ્તાન બતાવે છે. તે કહે છે? "છોકરાઓ," આ હિંદુસ્તાન છે, આ આપણો દેશ છે. જેવો પૃથ્વીનો આકાર છે તેવોજ ગોળાનો આકાર છે. તે ગોળ છે. તે ઉંચી લાકડાની ગોઠી ઉપર છે, તેની નજીક અમારા મહેતાજીનું મેજ છે.

ગોપાળ—દીવાલપર પેલાં ચિત્ર શાનાં છે ?

ગોવિંદ—એ નકશા છે. એક ઇંગ્લૅન્ડનો નકશો છે. જ્યારે તુ નિશાળે આવીશ ત્યારે હું તને ઓરડામાંની બધી વસ્તુઓ બતાવીશ. હવે આપણે ચાલીએ, નહીં તો મોડું થશે. ટર્મનો આ પહેલો દિવસ છે. આજ નિશાળ ઉઘડે છે. ઘણા નવા છોકરા આવશે. તેં તારી જુની નિશાળ છોડી દીધી છે?

ગોપાળ—હા, તેઓ ઇંગ્રેજી શિખવતા નથી. મારે ઇંગ્રેજી શિખવું છે.

ગોવિંદ—પણ તુ ઇંગ્રેજીમાં વાત કરી શકે છે. તને વાત કરતાં કોણે શિખવ્યું ? વળી તું ઇંગ્રેજી વાંચી લખી શકે છે ?

ગોપાળ—મારા બાપા ઇંગ્રેજી સારી રીતે જાણે છે. તેમણે મને વાત કરતાં શિખવ્યું. તે કહેતા " પહેલાં વાત કરતાં શીખ, પછી વાંચતાં શીખ, ને પછી લખતાં શીખ. તે શીખવાનો સૌથી ઉત્તમ રસ્તો છે.

ગોવિંદ—તું ઘણું સારૂં ઇંગ્રેજી બોલે છે. તને વાંચતાં ને લખતાં ઘણું સહેલું માલમ પડશે.

ગોપાળ—હું નિશાળમાં કયી ચોપડી વાંચુ !

ગોવિંદ—તું પહેલી ચોપડી વાંચીશ.

ગોપાળ—જ્યારે હું મોટા માસ્તર અને મારા વર્ગના શીક્ષકની સાથે બોલું ત્યારે મારે તેમને કેવી રીતે (શું કહીને) બોલાવવા જોઇએ ?

ગોવિંદ—તારે દરેક માસ્તર (શીક્ષકને) ને " સાહેબ " કહેવું જોઇએ ?

ગોપાળ—તારી નિશાળમાં છોકરા રમે છે !

ગોવિંદ—અરે હા. હમે ઘણી રમતો રમીએ છીએ. હમે નિશાળમાં સખત કામ કરીએ છીએ, અને જ્યારે નિશાળ બંધ થાય છે ત્યારે અમે રમીએ છીએ અમે એક કામ એકી વખતે કરીએ છીએ અને તે સારી રીતે કરીએ છીએ.

ગોપાળ—ગઇ કાલે મારા ભાઇએ મને એક નવો દડો આપ્યો. તે મારી પાસે ઘેર આગળ છે આજ સાંજે હું તેનાથી રમીશ.

2. One thing at a time.

એક વખતે એક કામ.

Letter 1 (લેટર) કાગળ (લખેલો).
Gave (ગેવ) આપ્યો. Give નો ભૂતકાળ.
Read 2 (રેડ) વાંચ્યો વર્તમાનકાળમાં તે શબ્દ રીડ વંચાય છે.
Put (પુટ) મુકયો આ શબ્દ ભૂતકાળ અને ભૂતકૃદંતમાં એજ રૂપ રહે છે
Worked (વર્કડ) કામ કર્યુ.
Took off 3 (ટૂક ઑફ) ઉતારી લીધા
Garden 4 (ગાર્ડન) બાગ.
Was tired (વૉઝ ટાયર્ડ) થાકી ગયો
While (હ્વાઇલ) જ્યા સુધી.
Might (માઈટ) જોર, શક્તિ.
Halves (હાવ્ઝ) અર્ધા. Half નું બહુવચન.
Done (ડન) કરેલું. D નું ભૂતકૃદંત.
Right 5 (રાઈટ) બરાબર રીતે.
Rule 6 (રૂલ) નિયમ.

૨. એક વખતે એક કામ.

ગોપાળ નિશાળે ગયો

ગોવિંદ તેને મોટા મારતર પાસે લઈ ગયો

તેમણે તેને કહ્યું " તું તારા બાપા પાસેથી કાગળ (ચીઠી) લાવ્યો છે? ગોપાળે કહ્યુ " ના, સાહેબ, પણ હું તે ઘેર જઈને લઇ આવીશ. " તેથી તે ઘેર ગયો. તેના બાપાએ તેને હેડ માસ્તર પર ચીઠી આપી.

હેડમાસ્તરે તે વાંચીને તેને વર્ગમાં મુકયો

તે સાંજે ઘેર ગયો. તેણે આખો દિવસ નિશાળમાં કામ કર્યું હતું. તેણે

---

(1) કોરો કાગળ-Paper. (2) Reader-વાંચનાર. Reading વાંચન. (3) પહેરવાં-To put on. (4) Gardener-માળી. (5) Right જ્યારે નામ હોય ત્યારે તેનો અર્થ હક થાય છે. (6) Ruler-રાજકર્તા, (રાજા કે રાણી). આંકણી Rule, (ક્રિયાપદ) રાજ કરવું, The ruled-પ્રજા.

પોતાનાં જોડાં ઉતાર્યાં, અને પોતાનો નવો દડો લઈ બગીચામાં નાશી ગયો. ત્યાં તે થાકયો ત્યાં સુધી દડે રમ્યો.

3. The King Emperor.

રાજા મહારાજા (શાહેનશાહ)

Name (નેમ્) નામ.

Fifth (ફિફ્થ્) પાંચમો.

Ireland (આયર્લૅન્ડ્) ગ્રેટબ્રિટનની પશ્ચિમે આવેલા બેટ.

Long ago (લૉન્ગઍગો) લાંબા વખત પહેલાં.

Over (ઓવર્) ઉપર.

Ever (એવર્) કદી, કોઇ દિવસ.

His own (હીઝ્ઓન્) તેનો પોતાનો

Twice 1 (ટ્વાઇસ્) બેવાર.

People (પીપલ્) લોક.

Care3 (કૅર્) સંભાળ, કાળજી.

Must love (મસ્ટ્ લવ્) ચાહવો જોઇએ.

God (ગૉડ્) પ્રભુ, ઇશ્વર

Save (સેવ્) બચાવવો, રક્ષણ કરવું.

George(જ્યૉર્જ્)શાહેનશાહનું નામછે

Great Britain (ગ્રેટબ્રિટન્)ઇંગ્લૅન્ડ અને સ્કૅાટલૅન્ડ મળીને થયેલો દેશ.

Named (નેમ્ડ્) નામનો.

Rules (રૂલ્સ્) રાજ કરે છે.

Greatest (ગ્રેટસ્ટ્) સહુથી મોટો.

Where (વ્હેર્) કયાં.

Has been (હૅઝ્બીન્) આવ્યો છે.

Dear2 (ડીયર્) પ્યારો.

Glad (ગ્લૅડ્) ખુશી.

Harm (હાર્મ્) નુકશાન.

Pray4 (પ્રે) પ્રાર્થના કરવી.

Bless (બ્લૅસ્) આશિર્વાદ દેવો.

Noble5 (નોબલ્) ઉમદો, ઉદાર.

---

(1) Once–એકવાર. Thrice–ત્રણવાર. (2) Dear નો બીજો અર્થ કીંમતમાં મોઘું. (3) Careful સાવધ, કાળજી વાળો. (4) Prayer પ્રાર્થના. (5) Noble નો બીજો અર્થ અમીર.

The King Emperor.

૩ શહેનશાહ. (મહારાજા)

બાપા—મારા છોકરા, અહિંઆં આવ. આ ચિત્ર તરફ જો.

દીકરો—બાપા, આ સદ્‌ગ્રહસ્થ કોણ છે ?

બાપા—મારા દીકરા શહેનશાહનું આ ચિત્ર છે.

દીકરો—બાપા, એનું નામ શું છે !

બાપા—તેનું નામ જ્યોર્જ છે. તેને આપણે પાંચમા જ્યોર્જ કહીએ છીએ. તે ગ્રેટબ્રિટન અને આયર્લેંડનો રાજા અને હિંદુસ્તાનનો શહેનશાહ છે.

દીકરો—આપણે તેને પાંચમો જ્યોર્જ કેમ કહીએ છીએ ?

બાપા—એ નામનો એ પાંચમો રાજા છે. ઘણા વખત અગાઉ એ નામના ઇંગ્લેં-ન્ડમાં બીજા રાજા થઈ ગયા હતા. જ્યોર્જ નામના ચાર રાજા થઇ ગયા. આપણો રાજા પાંચમો જ્યોર્જ છે.

દીકરો—બાપા, એ મોટા રાજા છે ?

બાપા—હા, દીકરા. આખી દુનીઆમાં તે સઉથી મોટો રાજા છે. જે કોઈ રાજા કદી થઇ ગયો તેના કરતાં તે વધારે માણસો ઉપર રાજ કરે છે.

દીકરો—બાપા, એ કયાં રહે છે ?

બાપા—તે ઇગ્લેંન્ડમાં રહે છે. તે તેનો પોતાનો દેશ છે.

દીકરો—તે કદી હિંદુસ્તાન આવે છે ?

બાપા—હા, તે બેવાર હિંદુસ્તાન આવ્યા છે.

દીકરો—તે માયાળુ ને ભલા છે ?

બાપા—(અરે) હા, મારા દીકરા તે હરેક સાથે ઘણા માયાળુ અને ભલા છે. તે પોતાના લોકોને ચાહે છે. જ્યારે તેઓ સુખી હોયછે ત્યારે તે ખુશ થાયછે.

દીકરો—બાપા, તેના લોક તેને ચાહે છે?

બાપા—હા, બધા લોકો તેને (તેમને) ચાહે છે.

દીકરો—શા માટે તેઓ તેને ચાહે છે?

બાપા—તેઓ તેને ચાહે છે કારણકે તે તેમને ચાહે છે. તેઓ જાણે છે કે તે તેમને (લોકને) ચાહે છે. તેઓ જાણે છે કે તે માયાળુ ને ભલો છે. તે તેમની સંભાળ લે છે, તેમને નુકશાનમાંથી દૂર રાખે છે. મારા દીકરા, તારે પણ તેને ચાહવો જોઇએ. તે તારો રાજા છે.

દીકરો—હું તેને માટે કાંઈ કરી શકું?

બાપા—હા, મારા દીકરા, તેને સુખી રાખવાને તું પ્રભુને પ્રાર્થના કરી શકે છે. તેનું જતન કરવાને અને સહીસલામત અને સુખી રાખવાને તું પ્રભુ પાસે માગ. પરમેશ્વર—અમારા રાજા મહાન જ્યોર્જની રક્ષા કરો. અમારા ઉદાર રાજા ઘણાં વરસ જીવો, પ્રભુ, રાજાની રક્ષા કરો.

---

4. Roman Figures.

રોમન આંકડા.

Well (ઉવેલ) વારૂ.

Month (મન્થ) મહીનો.

Like (લાઈક) પસંદ પડવું; ગમવું.

Learn 1 (લર્ન) શીખું છું.

Something (સમથિન્ગ) કંઈક.

Number (નંબર) સંખ્યા.

Numeral (ન્યુમરલ) આંકડો.

Close (ક્લોઝ) પાસેનો; જોડેનો

Quite (ક્વાઇટ) તદન.

Right (રાઇટ) ખરૂં.

(1) Learning-વિદ્યા,

Every-day (ઍવરિ ડે) દરરોજ; હમેશા.

Mark 1 (માર્ક) ચિન્હ; નિશાની.

Ways (વેઝ) રીતો.

Yet (યેટ) હજુ સુધી.

Card (કાર્ડ) જાડું પાનું.

One (વન) એક–એ કાર્ડને બદલે વપરાયો છે.

Common (કૉમન) સાધારણ.

Pocket 2 (પૉકેટ) ગજવું.

Want (વૉન્ટ) માગું છું.

Run about (રન ઍબાઉટ) આમ તેમ દોડો.

Keep well (કીપ વેલ) તંદુરસ્ત રાખે.

Remember (રીમેમ્બર) યાદ રાખવું.

Names (નેમ્સ) નામ.

Spell 3 (સ્પૅલ) જોડણી કરવી

True (ટ્રુ) સાચું.

To-morrow (ટુ મૉરો) આવતી કાલે.

Be off (બી ઑફ) જતો રહે.

Let (લૅટ) દેવું.

Cold (કોલ્ડ) ઠંડો.

Deep 4 (ડીપ) ઉંડું.

White (વ્હાઇટ) ધોળી.

Green (ગ્રીન) લીલું.

Grass (ગ્રાસ) ઘાસ.

Pretty (પ્રેટી) સુંદર.

Bell 5 (બૅલ) ઘંટ–(લોલકવાળો).

Big (બીગ) મોટા.

---

(1) Mark–બીજે અર્થ પરીક્ષામાં છોકરા જે દોકડા મેળવે છે તે. (2) A pick-pocket–ગજવા કાતરૂ. (3) Spelling–જોડણી. (4) The deep –સમુદ્ર. (5) Gong (ગૉન્ગ) થાળી જેવો ઘંટ.

રોમન આંકડા.

બાપ—વારૂ, ગોપાળ, તું એક મહીનો થયાં તારી નવી નિશાળે જાય છે. તે તને કેવી ગમે છે ? 1

ગોપાળ—અરે, બાપા, મને તે ઘણીજ ગમે છે. મારા શિક્ષક મારા તરફ અને બીજા છોકરાઓ તરફ ઘણા માયાળુ છે. હું દરરોજ કંઇક નવું શીખું છું.

બાપ—તું દરરોજ કંઈક નવું શીખે છે. તું (નવું) શીખે છે? આજ તું શું શિખ્યો.

ગોપાળ—હમે રોમન આંકડા વિષે બધુ શીખ્યા.

બાપ—રોમન આંકડા ! આંકડો શું છે તે તું જાણે છે ?

ગોપાળ—અરે; હા, તમે મને તે ઘણા વખતપર શીખવ્યું હતું આંકડો સંખ્યાનું ચિન્હ છે. અમારા શિક્ષક કહે છે કે આંકડાનું બીજું નામ (ન્યુમરલ) (સંખ્યાવાચક શબ્દ છે.) દરેક સંખ્યાને આંકડો હોય છે.

બાપ—તું જાણે છે તે મને જોવા દે. (હું તપાસું). મને તારી પત્થરપાટી આપ. હું તેના ઉપર એક, બે, ત્રણ, ચાર સંખ્યાઓ લખીશ. હવે દરેક સંખ્યા પાસે તેનો આંકડો કે સંખ્યા લખ.

ગોપાળ—અરે હા, બાપા. હું તે કરી શકું છું. પાટી આ રહી, અને આંકડા આ રહ્યા.

બાપ—હા, તે તદન ખરૂં છે. તું યાદ રાખે છે તે જોઈને હું ઘણો ખુશી છું. હું ધારૂં છું કે તું બધી સંખ્યાઓ તારી જુની નિશાળમાં શીખ્યો (હતો) નહી વારૂ ?

ગોપાળ—હા, હું સંખ્યાઓ શીખ્યો (હતો) પણ તેમનાં નામ ઇંગ્રેજીમાં શીખ્યો નહી. એ તમે મને શિખવ્યું, અને સંખ્યાના નામની જોડણી કેવી રીતે કરવી એ હું શીખ્યો નહી. તે હું મારી નવી નિશાળમાં શીખ્યો.

બાપ—વારૂ, આ ચિન્હોને તું રોમન આંકડા કહે છે ?

---

(1) How do you like it ?-તને તે કેવું ગમે છે ?
How do you do ? તમારી તબીયત કેવી છે ?

સંખ્યા.	આંકડો.	રોમન આંકડો
એક	૧	I
બે	૨	II
ત્રણ	૩	III
ચાર	૪	IV
પાંચ	૫	V
છ	૬	VI
સાત	૭	VII
આઠ	૮	VIII
નવ	૯	IX
દશ	૧૦	X
અગીઆર	૧૧	XI
બાર	૧૨	XII

ગોપાળ—અરે, ના–આંકડા લખવાની બે રીતો છે. પહેલી હું આ રીત શીખ્યો. પણ આજ મારા શીક્ષકે મને બીજી રીત શીખવી.

બાપ—હજુ તું આ રોમન આંકડા લખી શકેછે?

ગોપાળ—હજુ હું તે બરાબર કરી શકતો નથી. (લખી) પણ મારા શીક્ષક મને એક જાડું પતું આપ્યું છે. તેણે વર્ગમાં દરેક છોકરાને એક એક આપ્યું તેણે મને કહ્યું. ગોપાળ, આ પતું તું ઘેર લઈ જા. તેના ઉપર એકથી બાર સુધી સંખ્યા છે. અને સાધારણ આંકડા ને રોમન આંકડા છે. તેમને તું ઘેર લખતાં શીખજે.

બાપ—તે જાડું પતું કયાંછે ગોપાળ?

ગોપાળ—બાપા, તે મારી પાસે મારા ગજવામાં છે–તે આ રહ્યું.

બાપ—હા, તે ઘણું સારૂ જહું પણું છે. હવે તું આ આંકડા શીખવાનો છ ?

ગોપાળ—ના, બાપા, હમણાંતો મારે રમવું છે. હું એક કલાક સુધી બાગમાં રમીશ. તે પછી આ આકડા લખતાં શીખીશ.

બાપ—ઓહ ! તારા શીક્ષકે તને વળી રમવાનું કહ્યું (હતું) ?

ગોપાળ—હા, અમારા શીક્ષકે કહ્યું “ છોકરા, જ્યારે તમે નિશાળમાંથી દરરોજ ઘેર જાઓ ત્યારે તમે રમો, અથવા ફરવા જાઓ, અથવા અહી તહીં દોડો. તે તમને જોરાવર કરશે અને તમને તંદુરસ્ત રાખશે (તેથી તમે જોરાવર થશો ને તંદુરસ્ત થશો.

બાપ—તે તદન ખરૂ છે, ગોપાળ, હવે તું ચાલ્યો જા, અને રમ. આવતી કાલે સવારે મારી પાસ આવજે. અને તને કેમન આંકડા આવડે છે કે નહીં તે હું જોઇશ.

ઠંડો પવન વાય છે, ઉંડી નદી વહે છે,
ભોળી ગાય બરાડે છે, લીલું ઘાસ ઉગે છે.
સુંદર પક્ષીઓ ગાવ છે, નિશાળનો ઘંટ વાગે છે.
મોટા છોકરાઓ વાતો કરે છે,
નાના છોકરાઓ નિશાળમાં ફરે છે.

---

5. The Queen Empress.

ધ ક્વીન એમ્પ્રેસ્

૫ મહારાણી.

Mary (મેરી) રાણીનું નામ છે.

Queen (ક્વીન) રાણી. તે ઈંગ્લૅન્ડની રાણી કહેવાય છે.

Great Britain (ગ્રેટબ્રિટન) એ ટાપુ છે. ને તે ઇંગ્લેન્ડ, વેલ્સ ને સ્કૉટલૅંડનો બનેલો છે, ને તે નામે ઓળખાય છે.

Ireland (આયર્લેંડ્) ગ્રેટબ્રિટનની પશ્ચિમના ટાપુ.

Empress (ઍમ્પ્રેસ્) મહારાણી. તે હિંદનાં મહારાણી કહેવાય છે.

Wife 1 (વાઈફ્) પત્નિ, વહુ.

King 2 (કીંગ્) રાજા.

Husband (હઝબન્ડ્) પતિ, ભરથાર.

Eldest 3 (એલ્ડૅસ્ટ્) ઉંમરમાં સૌથી મોટો.

Prince of Wales (પ્રિન્સ ઑાવ વેલ્સ્) વેલ્સના શાહજાદો. ઈંગ્લૅન્ડના પાટવી કુમારને પ્રિન્સ ઑાવ વેલ્સ કહે છે.

આ ગ્રેટબ્રિટન અને આયર્લેંડની રાણી, અને હિંદુસ્તાનની મહારાણી મેરી છે. તે જ્યોર્જ રાજાનાં પત્ની છે, તે પોતાના પતિ સાથે ઇંગ્લંડમાં રહે છે. તેમનો સૌથી મોટો દીકરો. (પુત્ર) એડવર્ડ પ્રિન્સ ઑાવ વેલ્સ છે.

પ્રભુ અમારાં રાણીને સુખી રાખે.

---

6. The watch.

ધ વૉચ ઘડીઆળ (નાનું.)

ધ વૉચ-ગુંજામાં રાખવાનું નાનું ઘડિયાળ.

Last night (લાસ્ટ્ નાઈટ્) ગઈ રાત્રે.	Slowly (સ્લોલિ) ધીમેથી.
	At all (ઍટ્ઑાલ્) તદ્દન.
Again (અગૅન્) ફરીથી.	Hands (હૅન્ડઝ્)કાંટા (ઘડીઆળના)

---

(1) Mid- wife (મીડવાઈફ્) દાઈ, સુઆણી. (2) King George કહેવાય. The વાપરવો હોય તો George ના લખવું, ફક્ત The King લખવો. (3) એક કુટુંબના ઓકરાના પ્રસંગમાં eldest વપરાય છે. જુદા જુદા કુટુંબમાં oldest વપરાય છે.

Learned (લર્નેડ્) શીખ્યો.
Round (રાઉન્ડ્) આસપાસ.
Anywhere (ઍનીવ્હૅર)કોઇજગાએ
Clock (કલૅાક્) મોટી ઘડિયાળ.
Yesterday (યસ્ટરડે) ગઇ કાલે.
Wrote (રોટ્) લખ્યું.
Please (પ્લીઝ્) મહેરબાની કરીને.
Line (લાઇન્) લીટી.
Each (ઈચ) દરેક.
Black (બ્લૅક્) કાળું.
Board 1 (બૉર્ડ્) પાટીયું.
Count (કાઉન્ટ્) ગણવું.
Try (ટ્રાય્) યત્ન કર.
Else (એલ્સ્) બીજું.
School Room (સ્કૂલ રૂમ) નિ-શાળનો ઓરડો.
Moving (મુવિન્ગ) ચાલતાં
Needles (નીડલ્ઝ) કાંટા. (મૂળ અર્થ સોય).
Second hand (સેકન્ડ હેન્ડ) સેકન્ડ કાંટો.
Heavy (હેવી) ભારે.
Face 2 (ફેસ્) ઉપરનો ભાગ.
Circle (સર્કલ્) ચક્કર, કુંડાળું.
Sixty (સીક્સટિ) સાઠ
Points (પૉઇન્ટસ્) બતાવે છે.
May count (મે કાઉન્ટ્) ગણો.
Try (ટ્રાય) યત્ન કર.
Hardly (હાર્ડલિ) ભાગ્યેજ.
Fast 3 (ફાસ્ટ્) જલદી.
Minute hand (મીનીટ હેન્ડ્) મીનીટ કાંટો
Calling (કૉલિન્ગ્) બોલાવતાં.
Break fast 4 (બ્રેક ફાસ્ટ્) નાસ્તો
Ready (રેડી) તૈયાર.
Table (ટેબલ્) કૅાષ્ટક.

ગોપાળ—બાપા ! (સવારની) સલામ. હવે મને રોમન આંકડા આવડે છે.

---

(1) **Boarding-School**, જ્યાં વિદ્યાર્થીઓને ખાવાપીવાની ને સુવાની ગોઠવણ હોય તેવી નિશાળ. (2) **Face** નો મૂળ અર્થ ચહેરો કે મોં છે. (3) **Fast** નો બીજો અર્થ જ્યારે નામ હોય ત્યારે અપવાસ થાય છે. (4) **Break fast** સવારનો નાસ્તો. **Dinner**, મધ્યાન ભોજન, **Tiffin** બપોરનો નાસ્તો, **Supper** રાતનું વાળુ આ પ્રમાણે સાહેબ લોક ચાર વખત ભોજન કરે છે.

હું તે ગઇ રાતે શીખ્યો ને આજ સવારે તે ફરીથી જાઇ ગયો. હવે હું તે વાંચી શકું છું.

બાપ—મારા છોકરા, તે બરાબર છે. હું તે સાંભળી ખુશી થયો છું. હવે તું અહીંઆં આવ ને મારી ઘડીયાળ તરફ જો. તેના ઉપર તું કોઇ રોમન આંકડા જોઈ શકે છે?

ગોપાળ—હા. હું જે આંકડા શીખ્યો છું તેજ આકડા હું જોઉં છું. તેઓ સઘળા એકથી બાર સુધી ત્યાંછે, તેઓ સઘળા ઘડિયાળની આસપાસ ચાલેછે.

બાપ—તેં તેમને ગઈકાલે નિશાળમાં કોઈ ઠેકાણે જોયા?

ગોપાળ—મારા શીક્ષકે તે કાળા પાટીઆ ઉપર લખ્યા (હતા) અને મેં તેમને જાડા પત્તા ઉપર જોયા, મેં તે બીજે કોઇ ઠેકાણું જોયા નહિ.

બાપ—ફરીથી વિચાર કર, નિશાળના ઓરડામાં મોટું ઘડિયાળ છે!

ગોપાળ—અરે, હા. હવે મને આનંદ છે. મેં આ આંકડા મોટી ઘડિયાળ પર (નક્કી) જોયા. પણ તેઓ શું છે એ મેં જાણ્યું નહિ.

બાપ—મોટું ઘડિયાળ નાના ઘડિયાળ જેવુંજ હોય છે. પાનુ કલૉક મોટું અને બાર હોય છે, અને વૉચ નાનું હોય છે. તું જુએ છે કે હું મારૂં ઘડિયાળ મારા ગજવામાં મુકું છું. કલૉકના ઉપલા ભાગ ઉપર અને વૉચના ઉપલા ભાગ ઉપર એકજ ચિન્હો હોય છે.

ગોપાળ—બાપા, પેલા ચિન્હો વિષે મને મહેરબાની કરીને વધુ કહેશો?

બાપ- મારી નાની ઘડિયાળ તરફ જો. તેની આસપાસ સઘળે એક ફરતી લીટી છે. તે લીટીને આપણે ગોળાકૃતિ કહીએ છીએ. એની નીચે તું બીજી નાની ગોળાકૃતિ જુએ છે, આ ગોળાકૃતિમાંની દરેકમાં સાઠ કાળાં ચિન્હ કે ટપકાં છે. જો તને ગમે તો તું તેમને ગણી લે. પ્રયત્ન કર.

ગોપાળ—હું મોટી ગોળાકૃતિમાંના ટપકાં ગણી શકું છું, પણ નાની ગોળાકૃતિમાં તે ટપકાં ભાગ્યેજ હું ગણી શકું છું. તેઓ ઘણા નાના છે.

બાપ—તું નાની ઘડિયાળમાં કાંઈ ચાલતું જોઇ શકે છે?.

ગોપાળ—હું ત્રણ કાળી વસ્તુઓ જોઇ શકું છું કે જે સોય જેવા દેખાય છે.

ઘણી નાની સોય છે, જે નાની ગોળાકૃતિની આસપાસ સઘળે ઘણી ઝડપથી ચાલે છે. એક લાંબી સોય છે જે મોટી ગોળાકૃતિમાં ઘણીજ ધીમે ફરે છે. વળી એક ત્રીજી સોય છે. તે બીલકુલ ફરતી નથી.

બાપ—આ ત્રણ સોયો ઘડિયાળના કાંટા છે.

ગોપાળ—બાપા, તેઓ કાંટા શા માટે કહેવાય છે ?

બાપ—તેઓ કાંટા કહેવાય છે કારણકે તેઓ ગોળાકૃતિમાંના કાળાં ચિન્હો બતાવે છે. નાનો કાંટો જે ઘણી ઝડપથી ચાલે છે તે સેકન્ડ કાંટો છે. ત્રણમાંથી સૌથી લાંબો મીનીટ કાંટો છે. તું તેને હમણાં ચાલતો જોઈ શકે છે. ત્રીજો કલાક કાંટો છે. તે પણ ફરે છે. પણ તે એટલો ધીમે ફરે છે કે તું તેને ચાલતો જોઈ શકતો નથી.

ગોપાળ—હું સમજ્યો ! હું સમજ્યો ! બાપા, તમે તમારી નાની ઘડિયાળ વિષે મને વધારે કહી શકો છો ?

બાપ—મારા દીકરા, હમણાં નહિ. હું તારી માને તને બોલાવતી સાંભળું છું. નાસ્તો તૈયાર છે, નાસ્તો કરવા દોડી જા, જ્યારે તું આજ નિશાળે જાય ત્યારે તું કાળનું કોષ્ટક શીખજે. કાલે સવારે મારી પાસે આવજે અને હું તને નાની ઘડિયાળ વિશે વધારે કહીશ.



7. The Prince of Wales.

(ધ પ્રિન્સ ઑવ વેલ્સ) વેલ્સનો કુંવર.

Showed (શોડ્) બતાવ્યો.
Picture (પિક્ચર્) ચિત્ર.
Before (બિફોર્) અગાઉ.
Cover (કવર્) પુઠું (મૂળ અર્થ ઢાંકણ થાય છે.)
Will (ઉવિલ્) મરજી હશે.

બાપ—મેં તને કાલે મહારાજા પાંચમાજ્યોર્જનું ચિત્ર બતાવ્યું. (હવે) આ બીજું ચિત્ર રહ્યું. તે તેં પહેલાં જોયું છે ?

દીકરો—હા, બાપા, તે આ ચોપડીના પુઠા ઉપર છે

બાપ—તે કોણ છે તે તું જાણે છે ?

દીકરો—ના, તે કોણ છે ? મને મહેરબાની કરીને કહો.

બાપ—આ એડવર્ડ. વેલ્સનો શાહજાદો છે. તે રાજાનો સૌથી મોટો દીકરો છે. જો પ્રભુની મરજી હશે તો તે એક દહાડો રાજા થશે. હમણાં તે શાહજાદો છે. આપણે તેની સંભાળ લેવાને પ્રભુની પ્રાર્થના કરવી જોઇએ.

વેલ્સના શાહજાદાને પ્રભુ સુખી રાખે.

---

8. The Watch (continued).

ઘડિયાળ (ચાલુ).

Remember 1 (રીમૅમ્બર) યાદ આવે છે.

Table (ટેબલ) કોઠક.

Indeed (ઇન્ડીડ) ખરૂં–ખરેખર.

Examine 2 (ઍક્ઝામીન) તપાસવું, પરીક્ષા લેવી.

Sixty (સીક્સટિ) સાઠ.

How many (હાઉમૅની) કેટલા.

Well done (વૅલડન) શાબાશ.

Hold (હોલ્ડ) પકડી રાખવું–ધરવું.

Ear 3 (ઈઅર) કાન.

Ticks (ટીક્સ) ટકટક કરે છે.

As fast (ઍઝફાસ્ટ) જેટલી ઝડપથી–તેટલી.

Very true (વૅરી ટ્રુ) ખરેખર.

Mean 4 (મીન) અર્થ હોવો.

Quarter Past nine 5 (ક્વાર્ટર પાસ્ટ નાઇન) સવાનવ.

Quick (ક્વીક) જલદી.

Is passing (ઇઝપાસિન્ગ)જાય છે

---

(1) Remembrance–યાદી. (2) Examination–પરીક્ષા. Examiner–પરીક્ષક. Examinee (ઍક્ઝામિની)–પરીક્ષા આપનાર. (3) Ear–નો બીજો અર્થ અનાજ ઘઉં કે બાજરીનું કણસું. (4) Meaning–અર્થ. (5) Quarter to nine પોણાનવ.

૮. ધ વૉચ્ (કન્ટિન્યુડ્).

૮. ઘડિયાળ (ચાલુ).

ગોપાળ—બાપા, હું આ રહ્યો. તમે કહ્યું કે હું આજ સવારે મારી નાની ઘડિયાળ વિષે તને વધારે કહીશ.

બાપ—બહુ સારૂ, મારા છોકરા. મને યાદ છે, પણ મેં તને કાંઇ કરવાનું કહ્યું. (હતું) તને યાદ છે ?

ગોપાળ—હા, બાપા, મને ખરેખર યાદ છે. હવે મને વખત વિષે બધું આવડે છે. હું ગઈ કાલે કોષ્ટક શિખ્યો.

બાપ—તું શિખ્યો. તું શિખ્યો? મને તને તપાસવા દે. (હું તને તપાસું) કલાક કેટલા હોય છે ?

ગોપાળ—દીવસે બાર કલાક હોય છે. ને રાતે બાર કલાક હોય છે.

બાપ—સારૂ ! હવે મને કહે કે કલાકની કેટલી મીનીટ હોય છે.

ગોપાળ—એક કલાકમાં સાઠ મીનીટ હોય છે.

બાપ—એક મીનીટમાં કેટલી સેકન્ડ હોય છે ?

ગોપાળ—એક મીનીટમાં સાઠ સેકન્ડ હોય છે.

બાપ—શાબાશ, હવે અહીં આવ, હું મારી નાની ઘડિયાળ તારા કાન આગળ ધરીશ, તું શું સાંભળે છે ?

ગોપાળ—હું ટક, ટક, ટક, ટક, સાંભળું છું.

બાપ—હા, ઘડિયાળ ટક, ટક બોલે છે. એક ટક એક સેકન્ડ છે. એક મીનીટમાં સાઠ સેકન્ડ હોય છે, નાની ઘડિયાળ એક મીનીટમાં સાઠ વાર ટક ટક કરે છે. હવે, લાંબા મીનીટ કાંટા તરફ જો. તે ગોળાકૃતિમાં એક કાળા ટપકામાંથી બીજા ટપકા સુધી ફરે છે. તે એક કલાકમાં બધે ગોળ ફરી રહે છે.

ગોપાળ—હું સમજ્યો. તેથી મીનીટ કાંટો જેટલી ઝડપથી ફરે છે તેની સાઠગણી ઝડપથી સેકન્ડ કાંટો ફરે છે.

બાપ--બહુ ખરૂ. હવે કલાક કાંટા તરફ જો. તું તેને ફરતો દેખી શકતો નથી, પણ તે ફરેછેજ. તે એક કલાકમાં એક આંકડાથી બીજા આંકડા સુધી ફરી રહે છે. તે બાર કલાકમાં બરાબર ગોળ ફરી રહે છે.

ગોપાળ—ત્યારે તો જ્યારે મિનિટ કાંટો બાર આંકડા ફરે છે ત્યારે કલાક કાંટો એક આંકડાથી બીજા આંકડા સુધી આવે છે. તે બારગણી ઝડપથી ફરે છે.

બાપ—તે ખરૂં છે. મારી ઘડિયાળ સામું જો. કેટલા વાગ્યા છે?

ગોપાળ—'ઓકલૉક' નો અર્થ શો થાય છે?

બાપ—"ઓકલૉક" "ઑફ ધ કલૉકનું" ટુંકું રૂપ છે, જ્યારે વૉટ ઑકલૉક ઈઝ ઇટ (કેટલા વાગ્યા છે?) એમ હું કહું ત્યારે ઘડિયાળનો હમણાં કેટલામો કલાક (વૉટ અવર ઓવ ધ કલાક ઇઝ ઈટ નાઉ) એવો અર્થ થાય છે. કલાક કાંટો અને મિનિટ કાંટો કયો કલાક અને કઈ મિનિટ બતાવે છે?

ગોપાળ—કેટલા વાગ્યા છે તે હું કહી શકતો નથી.

બાપ—કલાક કાંટો નવ પછી થોડું બતાવે છે. તેથી નવ વાગ્યા છે. મિનિટ કાંટો ગોળાકૃતિનો ચોથો ભાગ બતાવે છે. તેથી સવા નવ થયા છે. કલાકનો ચોથો ભાગ પંદર મિનિટ છે. હવે આ પત્તાં તરફ જો. મેં તારે માટે બનાવ્યાં છે. દરેક પત્તું ઘડિયાળના ઉપલા ભાગનું ચિત્ર છે. કલાક કાંટો છે ને મિનિટ કાંટો છે. મેં તેમાં સેકન્ડ કાંટો મુકયો નથી. તે નિશાળે લઇ જા અને તારા શિક્ષકને બતાવજે. વખત કેવી રીતે કહેવો એ તને તે કહેસે. હવે ચાલો આપણે નાસ્તો કરવા જઇએ.

ઘડિયાળ અવાજ કરે છે "ટક, ટક, ટક."
તમારે જે કરવું હોય તે જલદીથી કરો.
વખત જલદીથી ચાલ્યો જાય છે.
તમારે જે કરવું જોઇએ તે આજ કરો.

9. The Postman.

૯ (ધ પોસ્ટમેન) ટપાલી.

Anant (અનંત્) છોકરાનું નામ છે.
Nine years old 1 નવ વરસની ઉમરનો.
Village 2 (વિલેજ્) ગામડું.
Poona (પૂના) મુંબઈથી ૧૧૯ મૈલ દૂર શહેર છે.
Cousin 3 (કઝન્) મામા માસીનું કે કાકા ફોઇનું છોકરૂ.
Ate (એટ્) ખાધો.
To stay (ટુ સ્ટે) રહેવાને.
Got (ગોટ્) પહોંચ્યો.
Tired (ટાયર્ડ્) થાકી ગયો.
Soundly (સાઉન્ડિલ) ઘસઘસાટ.
Early (અર્લિ) જલદી.
Had washed (હેડવૉશ્ડ) નાહ્યો હતો.
Had dressed લુગડાં પહેર્યાં હતાં.
Front (ફ્રંટ્) આગલો
Never (નેવર્) કદી નહિ
Has brought (હેઝબ્રૉટ્) લાવ્યા હતા.
Leather (લૅધર્) ચામડું.
Bag (બૅગ્) કોથળી.
Strap (સ્ટૅપ્) પટ્ટો.
Shoulder (શોલ્ડર્) ખભો.
Pay (પે) પૈસા આપવું.
Stamp 4 (સ્ટૅમ્પ્) ટીકીટ.
Thank 5 (થૅન્ક્) આભાર માનવો.
Half Anna (હાફ્ આના) અર્ધો આનો.
Dear 6 (ડીઅર્) પ્યારો, વહાલો,
Cloudy 7 (ક્લાઉડી) વાદળાંથી ઢંકાયલું.
Shop 8 (શૉપ્) દુકાન.
Busy (બીઝી) ઉદ્યોગી.
Back (બૅક્) પાછા.
Loving (લવિંગ્) પ્યારો.
Buy (બાય) ખરીદવું.

---

(1) નવવરસની ઉમરનો. Nine years of age પણ કહેવાય. (2) A Villager–ગામડીઓ. (3) સામાન્ય જાતી. (4) બીજો અર્થ ટપાલની છાપ. (5) Thankful આભારી. (6) બીજો અર્થ મોઘું. Cheap, સોઘું. (7) A cloud. વાદળું. (8) Shop-keeper દુકાનદાર.

અનંત એક નવ વરસનો નાનો છોકરો હતો. તે હમેશાં ગામડામાં રહેતો હતો. તે પોતાના પિત્રાઇભાઇ ગોવિંદની સાથે રહેવાને પુને આવ્યો. તે ગોવિંદને ગોન્ડુ કહેતો, અને ગોવિંદ તેને અન્તુ કહેતો. જ્યારે તે પુને પહોંચ્યો ત્યારે તે ઘણો થાકી ગયો હતો. સાંજે મોડું થયું હતું. તેણે થોડો ખોરાક ખાધો ને સુઈ ગયો. તે આખી રાત સારી પેઠે ઉંઘ્યો. બીજે સવારે તે વહેલો ઉઠયો. જ્યારે તે નાહીને પોશાક પહેરી રહ્યો ત્યારે તે પોતાના પિત્રાઇભાઈ ગોન્ડુ સાથે ઘરના આગલા ઓરડામાં ગયો. આગલું બારણું ઉઘાડું હતું.

અન્તુ—ત્યાં બારણા આગળ હું એક માણસ ઉભેલો જોઉં છું, ગોન્ડુ, તે કોણ છે? તેને શું જોઇએ છે?

ગોન્ડુ—ઓહ, અન્તુ. તેં કદી ટપાલીને જોયો નથી? તે ટપાલી છે.

અન્તુ—તે તેના હાથમાં શું ઝાલી રહ્યો છે?

ગોન્ડુ—એ કાગળ છે. તે કાગળ તે મારે કે મારા ભાઈ માટે અહિં લાવ્યો છે. બાપા મુંબઇ છે. તેણે અમને લખ્યો છે.

અન્તુ—તે શું લઈ જાય છે? તેણે પોતાના ડાબા હાથમાં કાંઈ પકડયું છે.

ગોન્ડુ—તે બદામી રંગની ચામડાની થેલી છે, તે ચામડાના પટાવડે ઉંચી રાખી છે, તે તેના ખભા ઉપર આવે છે.

અન્તુ—થેલી અંદર શું છે?

ગોન્ડુ—અરે, તે થેલી કાગળોની ભરેલી છે. તે તેમને બીજાઓને ઘેર લઇ જાય છે.

ટપાલી—સાહેબ, આપનો એક કાગળ આ રહ્યો.

ગોન્ડુ—તમારો આભાર માનું છું. આજે અમારા ઘરનો આજ કાગળ છે?

ટપાલી—હા, સાહેબ, આજ એટલોજ છે. સલામ.

ગોન્ડુ—સલામ, હા. આ કાગળ બાપાપરથી મારા ઉપર આવેલો છે. તે તેમણે ગઇ રાતે લખ્યો હતો.

અન્તુ—ગોન્ડુ—એ કાગળ અહિં લાવવાને તારા બાપાએ ટપાલીને કાંઇ આપ્યું હતું?

ગોન્ડુ—અરે, નહિ. તેણે કાગળ ઉપર સ્ટૅમ્પ (ટીકીટ) ચોઢી હતી. તે આ રહી. તે જો. તે અર્ધાઆનાનો સ્ટૅમ્પ છે.

અન્તુ—એ ટીકીટ ઉપર ચિત્ર શાનું છે ?

એન્ડુ—તે હિંદુસ્તાનના શહેનશાહ જ્યોર્જ પાંચમાના માથાનું ચિત્ર છે.

અન્તુ—તારો કાગળ વાંચ.

એન્ડુ—હા, હું વાંચીશ. તારી મરજી હોય તો તું પણ તે જો. હું જાણું છું કે તું ઈંગ્રેજી વાંચી શકતો નથી.

આ મારા બાપ તરફથી (આવેલો) કાગળ છે.

મુંબઈ.

મે. ૧૫, ૧૯૧૧.

મારા વહાલા છોકરા,

હું તને જણાવવાને લખું છું કે અમે ગઈ કાલે ત્રણવાગે મુંબઇ પહોંચ્યા. અહીંઆં ગરમી ઘણી પડે છે. હું ધારૂં છું કે આજ રાતે વરસાદ વરસશે. વાદળાં બહુ થયાં છે. (તારી) મા અને હું સારી પેઠે છીએ. ઘર આગળ તમારા બધાની તબીયત કેવી છે તે લખી જણાવો. આવતી કાલે હું દુકાને જઇશ અને તારે માટે કેટલીક ચોપડીઓ ખરીદીશ. આજ હું ઘણા કામમાં છું. મારે ઘણા કાગળો લખવાના છે. હું તમને ફરીથી લખીશ અને અમે પાછા ક્યારે આવશું તે તને જણાવીશ.

સલામ તારી બેન અને ભાઈ તથા અન્તુ જે આપણે ઘેર રહે છે તેમને (મારીવતી) પ્રેમથી બોલાવજે (પ્યાર કરજે.).

હું છું.

તમારો પ્રેમી પિતા.

12-3-19.

10. Talking.

૧૦ (ટૉકિન્ગ્) વાતચીત કરવી તે.

Often (ઑફ્ન્) વારંવાર.
Sure (શૂર) ખાતરીવાળું.
Cap (કૅપ્) નાની ટોપી.
Long (લૉન્ગ્) ઘણીવાર સુધી.
Too late (ટુ લેટ્) જોઇએ તે કરતાં વધારે મોડું.
હું ત્યાં ઘણીવાર ગયો છું.
મને ખાતરી છે કે તે આવ્યો (હતો).
જો મારાથી બનશે તો તે હું કરીશ.
તમે એમ બે વાર કહ્યું હતું.
તમે ત્યાં તરતજ પહોંચશો.
તે છ વરસની ઉમરનો છે
તે અહીંઆં થોડીવારમાં આવશે.
અમે ઘણી મહેનત કરી છે.
તે ચોપડી મારી નથી.
તે બરોબર છે.
તમારું નામ શું છે ?
ત્યાં કોણ છે ?
ત્યાં જ નહીં.
હું ઘણીવાર વાટ જોઈ શકતો નથી.
તેઓ અહિં આવશે નહિ.
તમને આ મળશે નહિ.
આ એક સુંદર ઝાડ રહ્યું.
અહીંઆં કોઈ નથી.

મારી ટોપી ક્યાં છે ?
તે હજુ ગયો નથી.
એટલું બધું મોડું થયું છે કે બહાર જવાય નહિ.

---

11. The cocoa-nut.

૧૧. ધ કોકોનટ નાળીએર.

Branches (બ્રૅન્શિઝ઼) ડાળીઓ.
Useful (યુસફૂલ) ઉપયોગી.
Top 1 (ટૉપ્) ટોચ, મથાળું.
Cut-open (કટ ઓપન્) ફોડવું, ભાગવું.
Nut 2 (નટ્) કાચલાવાળું ફળ.
Skin 3 (સ્કીન્) છાલ.
Inside (ઈન્સાઇડ્) અંદર.
Coir (કોયર્) કાથો.
Is dried (ઇઝ્ ડ્રાઇડ્) સુકાઇ જાય છે.
Side by side (સાઇડ બાય સાઈડ્) પાસે પાસે.
Brown (બ્રાઉન્) ભૂરા રંગનું.
Rope (રોપ્) દોરડું.
Hard (હાર્ડ્) કઠણ.
Shell 4 (શૅલ્) કાચલું.
Ripe 5 (રાઈપ) પાકું.
Pieces (પીસીઝ઼) કટકા.
Cup (કપ્) પ્યાલું.
Handle (હૅન્ડલ્) હાથો.
Ladle (લેડલ્) કડછી, ટીપરી.
Sweet 6 (સ્વીટ્) મીઠું.
Dries up (ડ્રાઈઝ઼અપ્) સુકાય છે.
Milky (મીલ્કી) દુધ જેવો.
Juice (જ્યુસ) રસ.

---

(1) Top ના બીજો અર્થ ભમરડો. To spin a top ભમરડો ફેરવવો. (2) Areca nut (એરીકેનટ્) સોપારી. Cashew કાજુકળીઆ. (3) Skin નો બીજો અર્થ ચામડી. (4) Shell નો બીજો અર્થ છીપ, શંખ. (5) Unripe કાચું, (6) Sweets ભાતભાતની મીઠાઇ.

Larger (લાર્જર) વધારે મોટું.
Stalk (સ્ટૉક્) ડાળખું.
Hangs (હૅન્ગ્ઝ્) લટકે છે.
Kernal (કર્નલ) ટોપરૂં.
Sweetmeat (સ્વીટમીટ્)મીઠાઈ.
Turns (ટર્નઝ્) બદલાઇ જાય છે.
Oil 1 (ઑઈલ્) તેલ.
Is ground (ઇઝ ગ્રાઉન્ડ્)પીસાયછે.
Is pressed (ઇઝપ્રૅસ્ડ્) દબાઈ નીચોવાય છે.

નાળીએરનું ઝાડ ઘણું ઉંચું થાય છે. તેને ડાળીઓ હોતી નથી, પણ ઝાડની ટોચે ઘણા લાંબાં પાંદડાં હોય છે.

તે ઘણું ઉપયોગી ઝાડ છે. આ ઝાડનો દરેક ભાગ કામનો છે. એક લીલું નાળીએર ભાગો. તેને ઘણી જાડી છાલ હોય છે. તેની અંદર તમને ફળ માલમ પડશે. જાડી છાલ કાથી કહેવાય છે. તેને સુરજના તડકામાં સુકવે છે અને પછી તેનું મજબુત ભુરા રંગનું દોરડું બનાવે છે.

ફળને સખત કાચલું હોય છે. જ્યારે ફળ પાકે છે ત્યારે કાચલું ભુરા રંગનુ થાય છે, તેના બે ભાગ કરવામાં આવે છે. દરેક ભાગ પ્યાલા તરીકે વપરાય છે. તેને એક લાંબો હાથો લગાડવામાં આવે છે, અને ત્યાર પછી તે કડછી કહેવાય છે.

લીલું નાળીએર મીઠાપાણીનું ભરેલું હોય છે. તે પીતાં ઘણું સારૂં લાગે છે. જ્યારે ફળ પાકે છે ત્યારે ઘણું કરીને બધું પાણી સુકાઈ જાય છે. લીલા નાળીએરનું અને બીજું પાકેલા નાળીએરનું ચિત્ર તેની પાસે આ રહ્યું, જુઓ પાકેલા નાળીએર કરતાં લીલું નાળીએર કેટલું મોટું છે. છાલથી તે મોટું બને છે. લીલા નાળીએરની ટોચ ઉપર ડાંખળી હોય છે. ઝાડને તે આ ડાંખળીથી લટકી રહે છે.

પાકા નાળીએરનું કાચલું ભાગો તમે શું જુઓ છો ? અંદર ધોળુ મીઠું ટોપરૂં હોય છે. એ ખાતાં બહુ સારૂં લાગે છે. તેની ×મીઠાઈ બને છે, ખોપરાને તડકામાં સુકવે છે. મીઠા દુધ જેવા રસનું તેલ બને છે. પછી ફળ ખોપરૂં કહેવાય છે. તેને ઘાણીમાં પીલવામાં આવે છે અને પીલાઈને તેલ નીકળે છે.

---

(1) Oilmill ઘાંચીની ઘાણી. Oilman ઘાંચી. Oilwoman ઘાંચણ. Castor-oil એરંડીયું તેલ. ×તેને ખોપરાપાક કહે છે.

12. The Post-Box.

ધ પોષ્ટ બૉકસ્-ટપાલની પેટી.

Just (જસ્ટ્) હમણાં.
Reply 1 (રીપ્લાય) જવાબ.
Thank (થૅન્ક) આભાર માનવો.
Cool (કૂલ) ઠંડું.
Bad (બૅડ્) સખત.
Head-acke (હૅડ-એક્) માથાનું દુ:ખ.
Seeta (સીતા) સ્રીનું નામ છે.
Affectionate 2(ઍફૅક્શનેટ્)પ્યારો.
Envelope (એન્વૅલપ્) પરબીડું.
Post (પોષ્ટ્) ટપાલમાં નાંખવું.
Ready (રૅડી) તૈયાર.
Mr. એ Mister (મીસ્તર્) નું ટૂંકું રૂપ છે.
Address 3 (ઍડ્રૅસ્) શરનામું.
Line (લાઇન્) લીટી.
Number (નંબર્) અંક.
Put on (પુટ ઑન્) પહેરવું.
Shoes 4 (શુઝ્) જોડા.
Bare (બૅર્) ખુલ્લા.
Hole (હોલ્) બાકું.
Word 5 (વર્ડ્) શબ્દ.
Bags (બૅગ્ઝ્) કોથળા.
Post boxes 6 (પોસ્ટ બૉક્સિઝ) ટપાલની પેટી.
Railway (રેલવે) લોઢાની સડક-અહીંઆં આગગાડી.
Places (પ્લેસીઝ્) જગા.

૧૨. ટપાલની પેટી.

ગોન્ડુ—અન્તુ, અન્તુ, તું કયાં છે ?
અન્તુ—હું આ રહ્યો. શું છે ?
ગોન્ડુ—બાપાએ કાગળ લખ્યો હતો તેનો જવાબ મેં હમણાંજ લખ્યો છે. તું તે જોવા ઈચ્છે છે ?

---

(1) Reply to જવાબ આપવો. (2) Affection પ્યાર. (3) Addressee (એડ્રૅસી) શરનામાવાળો માણસ. (4) To take off ઉતારવા. (5) To send word કહાવી મોકલવું. (6) Box નો બીજો અર્થ તમાચો.

અન્તુ—હા, હા, મને તે જોવા દે.
ગોન્ડુ—તે આ રહ્યો.

પુના.

મે. ૧૭-૧૯૧૧.

મ્હારા વહાલા પિતા,

હું તમારા માયા ભરેલા કાગળ માટે તમારો આભાર માનું છું. તે અહીં સવારમાં વહેલો આવ્યો. ગઈ રાતે વરસાદ વરસ્યો, અને અહીઆં તદન ઠંડક થઈ છે. સીતાને ગઈ કાલે સખત માથું દુખવા આવ્યું (હતું), પણ હમણાં તેને સારૂં થયું છે અન્તુને પણ તદન સારૂં છે, અને હું પણ તેમજ છું. હું આશા રાખું છું કે જ્યારે તમે પાછા આવશો ત્યારે મારે માટે કેટલીક સુંદર ચોપડીઓ લાવશો.

સલામ—પ્યારા પિતા અમારા બધાનો પ્યાર સ્વીકારશો.

હું છું.

તમારો પ્યારો પુત્ર,

ગોન્ડુ.

અન્તુ—"હું ખુશીમાં છું" એવું તેં લખ્યું તેથી હું ખુશી થયો છું હવે તું આ કાગળને શું કરવાનો છે.

ગોન્ડુ—હું તે પરબીડીઆમાં મુકીશ ને પછી ટપાલમાં નાંખીશ. જો, તે અહીઆં બધું તૈયાર છે.

મી. પી. કે. નારાયનરાઓ

૧૦૦ ફોર્ટ રોડ.

મુંબઇ.

અન્તુ—તે પરબીડીઆ ઉપર શું લખાણ છે.

ગોન્ડુ—તે શરનામું છે. પહેલી લીટીમાં મેં મારા બાપનું નામ લખ્યું. બીજી લીટીમાં રસ્તો અને ઘરનો નંબર જેમાં તે રહે છે તે લખ્યો છે; તીજી લીટીમાં ગામનું નામ લખ્યું છે. દરેક કાગળને આની માફક શરનામું હોવું જોઈએ. કાગળ કયાં લઈ જવો એ શરનામાથી ટપાલી જાણે છે. હવે મારે જઈને ટપાલમાં કાગળ નાખવો જોઇએ.

અન્તુ—ગોન્ડુ-હું તારી સાથે આવું ?

ગોન્ડુ—અરે, હા. ચાલ આપણે જવું જોઇએ.

અન્તુ—પણ ગોન્ડુ, તેં તારા જોડા પહેર્યા નથી. તું આમ ઉઘાડે પગે આવે છે?

ગોન્ડુ—આપણે એકદમ દોડવું જોઇએ; નહી તો આપણે મોડા થઇશું. મારે વખત ગુમાવવાનો નથી. ટપાલી પેટીએ આવે છે ને કાગળો બે વાગે લઇ જાય છે. હાલ બેમાં ત્રણ મિનિટ બાકી છે. આપણે જલદી દોડવું જોઇએ.

પછી બે છોકરા સાથે ટપાલ તરફ દોડયા. તમે તેમને ચિત્રમાં જુઓ છો. ગોન્ડુ હમણાંજ પેટીના બાકામાં કાગળ નાખે છે. તે ઉપર letters (કાગળ) શબ્દ છે તેથી કાગળ કયાં નાખવો તેની દરેકને ખબર પડે.

અન્તુ—ટપાલી કાગળોને શું કરશે ?

ગોન્ડુ—તેમને તે તેની કોથળીમાં નાખશે અને તેમને મોટી ટપાલ ઑફીસે લઈ જશે. બીજા ઘણા ટપાલવાળા આના જેવી બીજી ટપાલની પેટીઓમાંથી કાગળો લાવશે. પછી તેમને મોટા કોથળામાં મુકશે, અને આગગાડીપર લઇ જશે અને ત્યાંથી હિંદુસ્તાનમાં ઘણી જગાએ મોકલવામાં આવશે.

13 The Moon.

(ધ મૂન્) ચંદ્રમા.

Is shining (ઇઝ્ શાઇનિંગ્) પ્રકાશે છે.

Sky (સ્કાય્) આકાશ.

Bow 1 (બો) ધનુષ્ય.

To rule 2 (ટુ રૂલ્) અમલ ચલાવવાને.

So high (સોહાય્) એટલે ઉંચે.

Lamp 3 (લૅમ્પ્) દીવો.

Shaped (શેપ્ડ્) આકારવાળો.

Round (રાઉન્ડ્) ગોળ.

Light (લાઈટ્) પ્રકાશ.

અરે, ચંદ્રમા સામુ જુઓ,
તે એટલો ઉંચો પ્રકાશે છે,
અરે, મા, તે આકાશમાં
દીવાની માફક પ્રકાશે છે,
ગયા અઠવાડીએ
તે ઘણો નાનો હતો,
અને ધનુષ્ય જેવા આકારનો હતો,
પણ હવે તે વધારે મોટો અને
ઓ અક્ષરના જેવો ગોળ થયો છે.
પ્રભુએ દીવસનો અમલ ચલાવવાને
સૂર્ય બનાવ્યો,
પ્રભુએ રાતનો અમલ ચલાવવાને
ચંદ્રમા બનાવ્યો,
પ્રભુએ તારા બનાવ્યા,
તેઓ વળી રાતે અજવાળું આપે છે.

---

(1) An arrow તીર. (2) A rule, or ruler, આંકણી. (3) Lamp-black કાજળ.

14 A Girl's School.

(એ ગર્લ્સ સ્કૂલ્) છોડીઓની નિશાળ કન્યાશાળા.

As (એઝ્) જ્યારે-ત્યારે. જે વખતે.
Bell 1 (બૅલ્) લોલકવાળો ઘંટ.
Rings (રીંગ્ઝ્) વાગે છે.
Walking 2 (વૉકિંગ્) ચાલતાં.
To hold (ટુ હોલ્ડ્) પકડવાને.
Clean (ક્લીન્) સાફ.
Window (વિન્ડો) બારી.
To let in (ટુ લૅટ ઇન્) અંદર આવવા દેવાને.
Blows 3 (બ્લૉઝ્) વાયછે.
Hard (હાર્ડ્) સખત.
Carefully (કૅરફુલ્લિ) કાળજીથી —સંભાળથી.
Spell 4 (સ્પૅલ્) જોડણી કરવી.
Hard (હાર્ડ્) કઠણ.
Chalk (ચૉક્) ચોખી ખડી.
Mistress (મિસ્ટ્રૅસ્) મહેતીજી.
Same (સેમ્) તેજ.
Comb 5 (કોમ્) વાળ ઓળવા.
Their (ધૅર્) તેમના.
Hair (હૅર્) વાળ.
Fingers (ફીન્ગર્સ્) હાથની આંગળીઓ.
Sew 6 (સો) સીવવું.
Baskets (બાસ્કૅટ્સ્) ટોપલીઓ.
Work 7 (વર્ક્) કામ.
Pins (પીન્સ્) ટાંકણી.
Needles (નીડલ્સ્) સોયો.
Thread 8 (થ્રૅડ્) દોરો.
Scissors (સીઝર્સ્) કાતર.
Faces (ફેસીઝ્) ચહેરા.
Ever (એવર્) હમેશાં.

---

(1) થાળી જેવા ઘંટને A gong કહે છે. તેને વગાડવો હોય ત્યારે To strike a gong કહે છે. (2) To take a walk–હવા ખાવા જવું. (3) Blows (નામ) મુક્કા, ઠોંસા. (4) Spelling, જોડણી. (5) Comb જ્યારે નામ હોય ત્યારે કાંસકો કે કાંસકી. (6) Sewing machine (સોઇંગ મશીન્) સીવવાનો સાંચો. (7) A workman કારીગર. (8) Thread જ્યારે ક્રિયાપદ હોય ત્યારે સોયમાં દોરો પરોવવો થાય છે

Copy books (કૉપી બુક્સ્) જોઈ જોઇને ઇંગ્રેજી અક્ષર લખવાની ચોપડીઓ.
Pencil (પૅન્સિલ્) સીસાપેન.
Sums (સમ્ઝ્) દાખલા.
Clover (ક્લેવર્) હોંશિયાર.
Learning (લર્નિંગ્) વિદ્યા-ભણતર.
Silver (સિલ્વર્) રૂપુ.
Gold 1 (ગોલ્ડ્) સોનું.

કન્યાશાળા.

જેવો ઘંટ વાગે છે કે નાની છોકરીઓ નિશાળમાં ચાલતી આવે છે. તેમાંની દરેક પોતાની ચોપડીઓ રાખવાને પોતાની સાથે કોથળી લાવે છે. દરેક વર્ગને હવા અંદર આવવા દેવાને બારીવાળો કોક સ્વચ્છ ઓરડો હોય છે. જો પવન સખત વાય તો ત બારી બંધ કરવામાં આવે છે સઘળી છોકરીઓ પાટલી ઉપર બેસે છે, પણ જ્યારે વાંચવાનો વખત થાય છે ત્યારે તેઓ ઉભી થાય છે.

મહેતાજી ખુરસીમાં બેસે છે ને છોકરીઓને વાંચતી સાંભળે છે. તે તેમને ધીમે અને સંભાળથી વાંચવા કહે છે. તે તેમની પાસે સઘળા કઠણ શબ્દોની જોડણી કરાવે છે. અઘરા શબ્દોમાંના કેટલાક તે ચાક (ખડી)થી કાળા પાટીઆ ઉપર લખે છે.

છોકરીઓ પાસે કૉપી બુક હોય છે જેમાં તેઓ પૅન્શીલ કે કલમ અને સાહીથી લખે છે અને સ્લેટો (પત્થર પાટી) હોય છે જેના ઉપર તેઓ લખે છે ને દાખલા કરે છે.

ઘણી નિશાળોમાં મહેતીજી હોય છે, ને મહેતાજી હોતો નથી. જે કામ મહેતાજી કરે છે તેજ કામ મહેતીજી કરે છે.

છોકરીઓ નિશાળે આવે તે પહેલાં તેઓ પોતાના હાથ ધુવે છે અને પોતાના વાળ ઓળે છે. જુઓ તેમના હાથ અને આંગળીઓ કેવી સાફ છે.

નિશાળમાં છોકરીઓ શીવતાં શીખે છે. તેઓની પાસે કંડીઆ હોય છે, જેમાં તેઓ તેમનું કામ, તેમનું કપડું, ટાંકણીઓ, સોય, દોરા અને કાતરો રાખે છે.

(1) A goldsmith સોની.

અમે સ્વચ્છ હાથ અને સ્વચ્છ મોઢે અમારી જગાએ જઈશું, અને ઘર અને નિશાળમાં અમને જે પ્રમાણે કહેવામાં આવે છે તેમ અમે કરશું, અને તેથી અમે સદાય સુખી અને હોંશિયાર થઈશું, કારણ કે વિદ્યા રૂપા કે સોના કરતાં વધારે સારી છે.

---

15. Yesterday. To-day. To-morrow.

૧૫. ગઈ કાલ. આજ. આવતી કાલ.

Am going 1 (ઍમ ગોઇન્ગ્) જાઊંછું

Went 2 (વૅન્ટ્) ગયો.

Next (નેક્સ્ટ્) બીજે.

Week (વીક્) અઠવાડીયું.

Now and then (નાઉ ઍન્ડ ધૅન્) કોઈ કોઇ વાર.

What (વૉટ્) કેટલે. કયે.

O'clock 3 (ઑક્લૉક્) વાગ-ક-લાક.

Did Wake 4 (ડીડવેક્) જાગ્યો.

Got up (ગૅાટ અપ્) ઉંઘમાંથી ઉઠયો.

Till (ટિલ્) સુધી.

Lazy 5 (લેઝી) આળસુ.

What (વૉટ્) શું ?

Daylight (ડેલાઇટ્) દીવસનો પ્રકાશ.

Still (સ્ટીલ્) હજી.

To rise (ટુ રાઈઝ્) ઉઠવું. (ઉંઘમાંથી)

Buy (બાય્) ખરીદવું.

Get to be (ગૅટ ટુ બી) થાઉં.

---

(1) હું હમણાં જાઉં છું એવું કહેવું હોય ત્યારે I am going વપરાય છે. (2) Went એ Go નો ભૂતકાળ છે. (3) Of clock નું ટુંકું રૂપ O'clock છે. (4) Wake જ્યારે નામ હોય ત્યારે તેનો અર્થ ઉજાગરો. Wakeful જાગતો. (5) Laziness આળસ.

હું આજ ત્યાં જાઉ છુ.
હું ગઇ કાલે ત્યાં ગયો.
હું આવતી કાલે ત્યાં જઈશ.
હું ત્યાં દરેક અઠવાડીયે જાઉં છું.
તે હમણાં તે 1 કરે છે.
તેણે તે કાલે કર્યું.
તે આવતે વર્ષે તે કરશે.
તે દરરોજ તે કરે છે.
તે (સ્ત્રી) આ અઠવાડીએ આવે છે.
તે ગયે મહીને અહીઆં આવી.
તે અહીઆં આવતે વર્ષે આવશે.
તે કાઈ કોઈ વાર અહીઆં આવે છે.

મહેતાજી—આજ સવારે તુ કેટલા વાગે જાગ્યો ?

છોકરો—હું નવ વાગે ઉઠયો. 2

મહેતાજી—શું ! તું નવ વાગ્યા સુધી ઉઠયો નહિ ? તું ઘણો આળસુ છોકરો હોવો જોઇએ. તારે અજવાળું થતા ઉઠવુ જોઇએ.

છોકરો—આવતી કાલે હું છ વાગે ઉઠીશ.

મહેતાજી—તે બરાબર છે, પણ પાંચ વાગે ઉઠવું તે હજુ વધારે સારૂ થશે. તારી પાસે ઘડિયાળ છે ?

છોકરો—ના, પણ મારા ઘરમા (મોટું) ઘડિયાળ છે. જ્યારે હું મોટો થઈશ ત્યારે બાપા મારે માટે (નાનું) ઘડિયાળ વેચાતું લેશે.

---

(1) કાંઈ કામને બદલે વપરાયો છે. (2) પથારીમાંથી.

આ પાઠમાં ત્રણે કાળ દાખલા આપી સમજાવ્યા છે. તે પ્રમાણે બીજાં ક્રિયાપદ પણ તે પ્રમાણે વાપરવાં.

×16 One and more than one.

એક અને એક કરતાં વધારે.

Bird–Birds (બર્ડ્-બર્ડ્ઝ્) પક્ષી, પક્ષીઓ.
Tree–Trees (ટ્રી-ટ્રીઝ્) ઝાડ, ઝાડો.
Leaf–Leaves (લીફ્-લીવ્ઝ્) પાંદડું, પાંદડાં.
Knife–Knives (નાઈફ્-નાઇવ્ઝ્) ચાકુ, ચાકુઓ.
1 Wife–Wives (વાઈફ્-વાઇવ્ઝ્) વહુ, વહુઓ

× આ પાઠમાં ઇંગ્રેજીમાં એક વચનના શબ્દનું બહુવચન શી રીતે થાય છે તેના દાખલા આપ્યા છે. ઇંગ્રેજી વ્યાકરણનો નિયમ છે કે–

(1) કટલાક એક વચનના નામને s લગાડીએ તો બહુવચન થાયછે. જેમકે Bird, Birds, tree, trees, egg, eggs, eye, eyes.

(2) જે શબ્દને છેડે સ્વર પછી fe આવે તો તે f ને બદલે v આવે છે નપછી s લગાડે છે જેમકે Wife, Wives (Wolf (વુલ્ફ) વરૂ–Wolves.

(3) જે શબ્દને છેડે ss, sh, ch, x એ વ્યંજનો આવે તો તેના બહુવચનમા es આવે છે, જેમકે Dress (પોશાક) Dresses, Wish (વીશ) ઇચ્છા. Wishes. Branch, Branches. (church (ચર્ચ) દેવળ. churches,

(4) કેટલાક નામને છેડે o આવે તો તેનુ બહુવચન es થી થાય છે જેમકે–Mango, Mangoes, Buffalo, Buffaloes.

(5) કેટલાક નામના વ્યંજન પછી y આવે તો વાયને બદલે i મુકી es લગાડવો જેમકે–Lady, Ladies.

(6) કેટલાક નામમા સ્વર પછી y આવે છે તો બહુવચનમાં ફક્ત s લાગે લાગે છે. જેમકે–Day, Days.

(7) કેટલાક નામમાં અંદરના સ્વરો બદલાય છે. જેમકે–Foot, feet, Woman, Women, Man, Men.

Man, Men (મૅન્-મેન્) માણસ, માણસો.
Woman Women (વુમન્-વીમૅન્) સ્ત્રી, સ્ત્રીઓ.
Box-Boxes (બૉક્સ્-બૉક્સિઝ્) પેટી, પેટીઓ.
Egg-Eggs (ઍગ્-ઍગ્ઝ્) ઇંડું, ઇંડાં.
Foot-Feet (ફુટ્--ફીટ્) પગ, પગો.
Branh, Branches (બ્રૅન્શ-બ્રૅન્શિઝ્) ડાળી, ડાળીઓ.
Lady, Ladies (લેડી-લેડીઝ્) બાઈ, બાઇઓ. (અમરની સ્ત્રી)
Baby, Babies (બેબી-બેબીઝ્) બાળક, બાળકો.
A husbond (હઝ્બન્ડ્) ધણી.

આપણે કહીએ છીએ
એક પક્ષી, બે પક્ષીઓ, ઘણાં પક્ષીઓ.
એક ઝાડ, બે ઝાડ, ઘણાં ઝાડ.
એક પાંદડું, બે પાંદડાં, ઘણાં પાંદડાં.

એક છરી, ઘણી છરીઓ. એક પેટી, ઘણી પેટીઓ.
એક વહુ. ઘણી વહુઓ. એક ઇંડું, ઘણાં ઇંડાં.
એક માણસ, ઘણાં માણસો. એક દીવસ, ઘણા દીવસો.
એક સ્ત્રી, ઘણી સ્ત્રીઓ. એક પગ, ઘણા પગ.
એક આંખ, ઘણી આંખો.

એક ડાળી, ઘણી ડાળીઓ.
એક બાઈ, ઘણી બાઇઓ.
એક નાનું છરિયાળ, ઘણાં નાનાં છરિયાળ.
એક બાળક, ઘણાં બાળકો.

17 Grand Father[1]

૧૭ (ગ્રૅન્ડ ફાધર્) દાદો.

Poor (પુઅર્) ગરીબ.
Both (બોથ્) બન્ને.
Dead 2 (ડેડ્) મરી ગયેલાં
Care 3 (કૅર) સંભાળ.
Child 4 (ચાઇલ્ડ્) છોકરૂં.
Grand son5 (ગ્રૅન્ડ્ સન્) પૌત્ર.
Leave 6 (લીવ્) મુકવો.
Alone (ઍલોન્) એકલો.
Gardener (ગાર્ડનર્) માળી.
Off (ઓફ્) દૂર.
About (એબાઉટ્) અહીં તહીં.
Any more (ઍનીમૉર્)કાંઇ વધારે.
Stopped (સ્ટૉપ્ડ્) થોભ્યો.
Shoulder (શોલ્ડર્) ખભો.
Carrying (કૅરીઇંગ્) લઇ જતો.
Strong (સ્ટ્રૉન્ગ્) મજબુત.
Light (લાઈટ્) સળગાવવો.
Cook 7 (કુક્) રાંધવું.
Mat 8 (મૅટ્) ચટાઈ.

૧૭ દાદો.

આ ગરીબ છોકરાને મા અને બાપ નથી. તેનો બાપ અને મા બન્ને મરી ગયાં છે. તેના ઘરડા દાદા સિવાય તેની સંભાળ લેનાર કોઇ નથી. તે ઘરડા માણસને (ડોસાને) સ્ત્રી અને છોકરૂં નથી. તેને ફક્ત તેનો નાનો પૌત્ર છે (છોકરાને છોકરો) જે ચાર વરસનો છે. તે બાળકને ઘેર એકલો મૂકી શકતો નથી. એની કોઇ સંભાળ લે નહિ. તેથી તે તેને પોતાની સાથે પોતાને કામે લઇ જાય છે. તે માળી છે. તે બગીચામાં આખો દીવસ સખત કામ કરે છે. સાંજે તે ત્રણ મૈલ છેટે પોતાને

---

(1) Grand Mother (ગ્રૅન્ડ મધર્) દાદી. (2) Death (ડેથ) મોત. (3) Care of (ટુંકામાં c/o) કાગળનું ઠેકાણું. (4) બહુવચન children. (5) Grand-daughter (ગ્રૅન્ડ ડૉટર્) પૌત્રી. (6) નામ હોય તો અર્થ-રજા. (7) નામ હોય તો અર્થ-રસોઇઓ. (8) Matress (મૅટ્રેસ્) ગોદડી, રજાઈ.

ગામ ઘેર જાય છે. જ્યારે તે કામ કરતો હોય છે ત્યારે તેનો પૌત્ર બગીચામાં અહીં તહીં રમે છે. આજે જ્યારે તેઓ ઘેર આવ્યા ત્યારે તે છોકરો થોડો રસ્તે ચાલ્યો. પછી તેણે કહ્યું, દાદા, હું થાકી ગયો છું. હું વધારે ચાલી શકતો નથી. પછી જેલો માયાળુ ડોસો થોભ્યો. અને પોતાના પૌત્રને પોતાના ખભા ઉપર લઈ લીધો. ચિત્રમાં તમે તેને ઘેર લઇ જતાં જુઓ છો. તે આઠ વરસની ઉમરનો છે. એના મોંઢા પર વાળ સફેત છે. તે ઘણો જોરાવર નથી. પણ તે હજી પોતાના પૌત્રને ઉપાડી શકે છે. જ્યારે તેઓ ઘેર જાય ત્યારે તે દેવતા સળગાવશે, અને તેમને બન્નેને માટે ખાવાને થોડા ચોખા રાંધશે. પછી તે અને તેનો પૌત્ર ચટાઇ ઉપર સુઈ જશે. તેઓ સવાર સુધી ઉંઘશે.

---

18 Months of the year.

(મન્થ્સ ઑાવ ધી ઇઅર્) વરસના મહીના.

January (જાન્યુઆરી) ઇંગ્રેજી વરસનો પહેલો મહીનો. આપણો પોષ-મહા.

February (ફેબ્રુઆરી) બીજો મહીનો. મહા-ફાગણ.

March (માર્ચ) ત્રીજો મહીનો. ફાગણ-ચૈત્ર.

April (એપ્રીલ) ચોથો મહીનો. ચૈત્ર-વૈશાખ.

May (મે) પાંચમો મહીનો. વૈશાખ-જેઠ.

June (જ્યુન) છઠો મહીનો. જેઠ-અષાડ.

July (જ્યુલાઈ) સાતમો મહીનો. અષાડ-શ્રાવણ.

August (ઑાગષ્ટ) આઠમો મહીનો. શ્રાવણ-ભાદરવો.

September (સપટેંમ્બર) નવમો મહીનો. ભાદરવો-આસો.

October (ઑાક્ટોબર) દશમો મહીનો. આસો-કારતક.

November (નોવેમ્બર) અગીયારમો મહીનો. કારતક-માગસર.

December (ડીસેમ્બર) બારમો મહીનો. માગસર-પોષ.

Thirty (થર્ટિ) ત્રીશ.

Thirty one (થર્ટિ વન્) એકત્રિશ.

Leap year (લીપ્ ઇઅર) જે વર્ષમાં ફેબ્રુઆરીના ૨૯ દીવસ હોય તે વર્ષના દીવસ ૩૬૫ હોય છે.

Once (વન્સ્) એકવાર.

×સપટેંબર, એપ્રિલ, જુન, અને નોવેંબરમાં ત્રીશ દિવસ હોય છે. એકલા ફેબ્રુઆરીમાં અઠાવીશ (દીવસ) હોય છે. બીજા સઘળા મહીનામાં એકત્રીશ દિવસ હોય છે, પણ ચાર વર્ષે લીપ ઈઅર આવે છે ત્યારે ફેબ્રુઆરીમાં એક દીવસ વધે છે. (એટલે ૨૮ ને બદલે ૨૯ દીવસ.)

×ઈંગ્રેજી વર્ષના મહીના અને તેના દિવસ વિષે કવિ દલપતરામના બનાવેલા નીચેના દોહરા છે.

જાનેવારી જાણજો, ફેબ્રુઆરી ફરી હોય,
માર્ચ એપ્રિલ મે પછી જુન જુલાઈ જોય;
પછી માસ ઑગષ્ટ છે સપટેંમ્બર સુખધામ,
ઑકટોબરના અંતથી નક્કી નોવેંબર નામ.
પછી ડીસેંબર દેખીને ખરેખરી કર ખોજ,
તો તેના ત્રણસેં અને પાંસઠ પૂરા રોજ;
ચાર છ નવ અગીયારમાં તેના તે દીન ત્રીશ,
અવરે એકત્રીશ છે બીજે અઠ્ઠાવીશ.
ચહ્યુ ચોથા વરસનો બીજો જે બોલાય,
તે તો ઓગણત્રીસનો ગણતાં એમ ગણાય.

દલપતરામ.

---

19 The Play Ground.
(ધ પ્લે ગ્રાઉન્ડ) રમવાની જગા.

Will show 1 (ઉવિલ્ શો) બતાવીશ
Nothing (નથીંગ્) કાંઇ નહિ.
Just Now (જસ્ટનાઉ) હમણાંજ
Thank 2 (થેન્ક્) આભાર માનુંછું.
Be off (બી ઑફ્) જતા રહેવું.
Tops (ટૉપ્સ્) ભમરડા.
Kesu (કેસુ) છોકરાનું નામ છે.
Gondoo (ગૉન્ડૂ) છોકરાનું નામછે.
Is spinning 3 (ઇઝ સ્પિનિંગ્) ફેરવે છે.
Ball 4 (બોલ્) દડો.
Close by (ક્લોઝ બાય) પાસે.
Ramoo (રામૂ) છોકરાનું નામ છે.
Rangoo (રૅન્ગૂ) છોકરાનું નામછે.
Is throwing (ઈઝથ્રોઇંગ) નાંખે છે.
Is catching (ઇઝ કેચિંગ્) ઝીલી લે છે.
In front (ઈન ફ્રન્ટ્) આગળ
Is jumping (ઈઝ જંપિંગ્) કુદેછે
Nana (નાના) છોકરાનું નામ છે.
Long jump (લૉન્ગ જંપ્) લાંબો કુદકો.
High jump (હાયજંપ્) ઉંચો કુદકો.
Stick 5 (સ્ટિક્) લાકડી.
String (સ્ટ્રિન્ગ્) દોરી.
Posts (પોસ્ટસ્) લાકડાના ટેકા.
Tries (ટ્રાઇઝ્) યત્ન કરે છે.
Stay (સ્ટે) રહેવું.

---

19 The Play Ground.
ધ પ્લે ગ્રાઉન્ડ–રમવાની જગા.

બાપ— ગોપાળ, તું ક્યાં જાય છે ?

ગોપાળ—બાપા, હું રમવાની જગાએ જાઉં છું. મારી સાથે ચાલ, ચાલ (તાણીને કહે છે) અને હું તે તને બતાવીશ.

---

(1) Show જ્યારે નામ હોય ત્યારે તમારો. (2) Thank પહેલાં I અધ્યાહાર છે. (3) Spinning તે ઠેકાણે Turning પણ ચાલે. (4) A sweet-ball (સ્વીટ બૉલ્) લાડુ. (5) A tooth stick (ટુથ સ્ટિક)દાતણ.

બાપ— મારા છોકરા, બહુ સારૂં. હમણાં મારે કાંઈ કરવાનું નથી. હું તારી સાથ આવીશ.

ગોપાળ— અરે, બાપા, તમારો આભાર માનું છું ચાલો આપણે એકદમ જઇએ.

બાપ—ત્યાં આ તારી રમવાની જગા છે. તે છે ? તે કેવી સુંદર મોટી જગા છે? કેટલા બધા છોકરા છે ! તેઓ કોણ છે, અને તેઓ શું રમે છે તે તું મને કહી શકે છે ?

ગોપાળ—હું તેમાંના ઘણાખરાને ઓળખું છું બે છોકરા ભમરડે રમે છે તેઓ મારા કલાસમાં છે. તેઓ કેસુ ને ગોન્દુ છે. કેસુ તેના ભમરડો ફેરવે છે. ગોન્દુ પોતાના હાથમાં તેનો ભમરડો લઇને પાસે ઉભો છે.

બાપ—પેલા છોકરા દડે રમે છે તે કોણ છે ?

ગોપાળ—તેઓ રામુ અને રંગુ છે. દડો રામુનો છે. તેના બાપે તેને ગયે અઠવાડીએ આપ્યો. તે તેને ફેંકે છે, અને રામુ તેને ઝાલી લે છે.

બાપ—પેલા છોકરા આગળ શું કરે છે ?

ગોપાળ— તેઓ કુદે છે. જે છોકરો કુદે છે તેનું નામ નાનો છે. બીજા કોણ છે તે હું જાણતો નથી. નાનો બહુ ઝડપથી દોડી શકે છે. તે વળી ઘણી સારી રીતે કુદી શકે છે. હમણાં તે લાંબુ કુદવાનું રમે છે. કોઇવાર તે ઉંચું કુદવાનું રમે છે.

બાપ—ઉંચે કુદવાની રમત ! તે શું છે ?

ગોપાળ— બે લાકડાના ટેકા વચ્ચે તેઓ લાકડી કે દોરી મુકે છે. પછી છોકરો દોડે છે. પછી છોકરો તેના ઉપર થઇ કુદવા યત્ન કરે છે.

બાપ—ગોપાળ, તું કેટલો દૂર અને કેટલો ઉંચો કુદી શકે છે ?

ગોપાળ—હું છ ફીટ દૂર અને ત્રણ ફીટ ઉંચે કુદી શકું છું.

બાપ—તે પણ સારૂં છે. હવે મારે ઘેર પાછા જવું જોઇએ. તું રહે ને રમ. તું કયાં છે તે હું (તારી) માને કહીશ. પણ મોડો નહી થજે. અંધારૂ થાય તે પહેલાં પાછો આવજે.

20 Try Again.

(ટ્રાય અગેન્) ફરીથી પ્રયત્ન કરો.

Named 1 (નેમ્ડ્) નામનો.
Rama (રામા) છોકરાનું નામ છે.
Clever (ક્લેવર્) હોંશિયાર.
Answers (ઍન્સર્સ્) જવાબ.
Right (રાઈટ્) ખરો.
Quite (ક્વાઈટ્) તદ્દન.
Wrong (રૉન્ગ્) ખોટો.
Rub out (રબ આઉટ્) ભુસી નાંખવું.
Added 2 (ઍડેડ્) ઉમેર્યો.
Use 3 (યુસ્) ખપ.
Seat 4 (સીટ્) બેઠક.
Slowly (સ્લોલિ) ધીમેથી.
Keep on (કીપઑન્) ચાલુ રાખો
Will (ઉવિલ્) મરજી.
End (ઍન્ડ) છેડો.
Plain (પ્લેન્) સાફ.
Give in (ગીવઇન્) છોડી દેવું.
Begin 5 (બીગીન્) શરૂ કરો.
Try (ટ્રાય્) કોશિશ, પ્રયત્ન.
Might 6 (માઇટ્) શક્તિ.
By and by (બાય ઍન્ડ બાય્) ધીમે ધીમે.

ફરીથી પ્રયત્ન કરો.

એક વખત રામા નામનો એક છોકરો હતો. તે આઠ વરસની ઉમરનો હતો, અને તે દરરોજ નિશાળે જતો. રામો હોંશિયાર છોકરો ન હતો. તે તેના વર્ગમાં ઘણીવાર છેલ્લો રહેતો. તે સારી રીતે વાંચી શકતો, પણ પત્થરપાટી ઉપર દાખલા કરી શકતો નહિ.

એક દિવસે મહેતાજીએ છોકરાને એક દાખલો કરવા આપ્યો. તેઓને પાંચ

---

(1) Namely–એટલે (2) Addition સર્વાળા. (3) Useful ઉપયોગી. (4) Seat જ્યારે સકર્મક ક્રિયાપદ હોય ત્યારે બેસાડવું થાય છે. (5) Beginning–શરૂઆત. (6) Almighy સર્વ શક્તિમાન (પ્રભુ.)

લીટીના આંકડાનો સર્વાળો કરવો પડયો. તરત બીજા બધા છોકરાઓએ તે દાખલો કર્યો. તેઓ પોતાની પત્થરપાટી મહેતાજી પાસે લાવ્યા ને તેને જવાબ બતાવ્યા. તેઓ બધા ખરા હતા.

રામો પણ પોતાની પત્થરપાટી લાવ્યો. પણ જવાબ તદન ખોટો હતો, મહેતાજીએ કહ્યું " તારી જગાએ તું પાછો જા, તારો જવાબ ભુંસી નાખ, અને ફરીથી આંકડાનો સર્વાળો કર.

રામો પાછો ગયો, અને પોતાની જગાએ બેઠો, અને આંકડાનો સર્વાળો કર્યો. તેણે કહ્યું " મેં કર્યો છે. "

મહેતાજીએ કહ્યું " અહિં આવ ને તારી પત્થરપાટી બતાવ. "

મહેતાજીએ પત્થરપાટી તરફ જોયું. તેણે કહ્યું આ ફરીથી ખોટો છે, "એક-વાર ફરીથી દાખલો કર."

રામાએ કહ્યું " શું કામ ? તે હું કરી શકતો નથી, તે ઘણોજ સખત છે.

મહેતાજીએ જવાબ આપ્યો " ના " બીજા બધા છોકરાએ તે કર્યો છે, તે ઘણોજ સખત નથી. રામા, ફરીથી પ્રયત્ન કર.

રામો પોતાની જગાએ પાછો ગયો. તેણે ધીમેથી અને સંભાળથી આંકડાનો સર્વાળો કર્યો. પછી તેણે પોતાની પત્થરપાટી મહેતાજીને બતાવી.

મહેતાજીએ કહ્યું " આ વખતે જવાબ ખરો છે. " રામા, શાબાશ ! જો તું કાંઇ કામ પહેલી વખત ના કરી શકે તો ફરીથી પ્રયત્ન કર. અને જ્યાં સુધી તે કરી શકે ત્યાં સુધી પ્રયત્ન કર્યા કર કોઈ દીવસ કહે નહિ " તે હું કરી શકતો નથી, કહે " હું તે કરીશજ. "

મારા નાના મીત્ર, ખુશીથી કામ કરો, છેડો જુઓ (પુરૂં થાય ત્યાં લગી) સખત કામ કરો. જ્યાં સુધી બધું સ્પષ્ટ થાય ત્યાં સુધી ફરી ફરીથી (પ્રયત્ન) કરો. કદી છોડી દેતા નહિ. ફરીથી એકવાર શરૂ કરો. તમારા સઘળા બળથી એક-વાર ફરીથી પ્રયત્ન કરો, અને ધીમે ધીમે તમે તે બરોબર કરી શકશો.

21. The House that Rama Built.

જે ઘર રામે બાંધ્યું (તે).

Built (બિલ્ટ્) બાંધ્યું.
Bit 1 (બિટ્) કરડી.
Pecked 2 (પૅક્ડ્) ચાંચ મારી.
Chased 4 (ચેઝ્ડ્) પાછળ પડી.
House (હાઉસ્) ઘર.
Caught (કૉટ્) પકડી.
Kite 3 (કાઇટ્) સમડી.
Crow 5 (ક્રો) કાગડો.

જે ઘર રામે બાંધ્યું (તે).

રામાએ જે ઘર બાંધ્યું તે આ છે.

રામાએ જે ઘર બાંધ્યું તે ઘરમાં જે છોકરો રહેતો હતો તે આ છે.

રામાએ જે ઘર બાંધ્યું તેમાં જે છોકરો રહેતો હતો તેને જે બિલાડી કરડી તે આ છે.

રામાએ જે ઘર બાંધ્યું તેમાં જે છોકરો રહેતો હતો તેને બિલાડી કરડી, તેને જે કુતરાએ પકડી તે આ છે.

રામાએ જે ઘર બાંધ્યું તેમાં જે છોકરો રહેતો હતો તેને જે બિલાડી કરડી તેને જે કુતરાએ પકડી, તેને જે કાગડાએ ચાંચ મારી તે આ કાગડો છે.

રામાએ જે ઘર બાંધ્યું તેમાં જે છોકરો રહેતો હતો તેને જે બિલાડી કરડી, તેને જે કાગડાએ ચાંચ મારી તેની પાછળ જે સમળી પડી તે આ છે.



(1) Bit નો બીજો અર્થ ઘોડાના મોંનું લોઢાનું ચોકડું. (2) A wood Pecker (વુડ પૅકર્) લક્કડખોદ પક્ષી. (3) Kite નો બીજો અર્થ પતંગ થાય છે. (4) Chase નો બીજો અર્થ શિકાર. (5) Crow જ્યારે ક્રિયાપદ હોય ત્યારે તેનો અર્થ કાકા કરવું (કાગડાનું બોલવું).

22. Tell the truth.

સાચું બોલો.

Children (ચિલ્ડ્રન્) છોકરા. એક વચન A child.

Venkata (વંકટ્) છોકરાનું નામછે

Kamala (કમલા) છોડીનું નામછે.

Looking-glass 1 (લુકિંગ્ગ્લાસ) આરસી.

Pushed 2 (પુશ્ડ્) ધક્કો માર્યો.

Against (એગેન્સ્ટ્) સામે.

Fell (ફેલ્) પડયો. વર્તમાનકાળ To fall

Ground 3 (ગ્રાઉન્ડ્) જમીન.

To cry (ટુ ક્રાય્) રોવું.

Mean (મીન્) ઈરાદો હોવો.

Fault 4 (ફૉલ્ટ્) ગુન્હો.

Finds out (ફાઈન્ડ્ઝ આઉટ્) માલમ પડે છે.

Get angry(ગૅટ ઍન્ગ્રિ)ગુસ્સે થવું.

Hide 5 (હાઈડ્) છુપાવવું.

Somewhere(સમવ્હેર)કોઇ ઠેકાણે.

Had better tell (હૅડ બૅટર ટૅલ્) કહીએ તો સારૂં.

Sorry 6 (સૉરિ) દિલગીર.

Perhaps (પરહૅપ્સ્) કદાપી.

Afraid (ઍફ્રેડ્) બીવેલું.

As (ઍઝ્) જેવા તેવા.

Was tired(વૉઝ ટાયર્ડ્)થાકીગયા.

Quietly (ક્વાઇટલિ) ચુપકીથી, શાંત રીતે.

Downwards (ડાઉન્ વર્ડ્ઝ્) નીચે

Matter (મૅટર્) બીના, હકીકત.

Still (સ્ટિલ્) શાંત.

Sob 7 (સૉબ) ડુચકાં ખાવાં.

Burst (બર્સ્ટ્)એકદમ કરવા મંડી ગયો. રોઇ પડયો=હડહડ આંસુ પડવા લાગ્યા.

Tears (ટીઅર્સ) આંસુ.

Has hurt (હૅઝ હર્ટ્)ઈજા થઈછે.

---

(1) Eye-glasses-ચશ્મા. (2) A push-ધક્કો. (3) Ground નો બીજો અર્થ કારણ. ત્રીજો અર્થ દળવું (અનાજ) વર્તમાનકાળ To ground. (4) Fault પરથી વિશેષણ Faulty (ફૉલ્ટિ) દોષવાળું, અશુદ્ધ. (5) Hide નો બીજો અર્થ જાનવરનું કાચું (વગર પકવેલું) ચામડું. (6) Sorry પરથી નામ Sorrow-દિલગીરી. (7) Sob બીજો અર્થ ડુચકું.

૨૨ સાચું બોલો.

વંકટ અને કમળા નામનાં બે છોકરાં હતાં. એક દિવસ તેઓ ઘરના આગલા ઓરડામાં રમતાં હતાં. મેજ ઉપર એક આરસી હતી, અને તેઓએ તે જોઈ નહોતી. જેવા તેઓ રમતા હતા તેવાજ વંકટે કમલાને મેજ સામે ધકકો માર્યો. આરસી ભોંયપર પડી ગઈ ને ભાગી ગઇ. બન્ને છોકરાં રોવા મંડયાં.

કમલા—ભાઈ, તેં મને શામાટે ધકકો માર્યો ? જો ! કાચ ભાગી ગયો છે.

વંકટ—મારો તને ધકકો મારવાનો ઇરાદો ન હતો. હવે આપણે શું કરશું ? તે બધો તારો વાંક છે.

કમલા—આપણે બન્ને રમતાં હતાં. તું શા માટે કહે છે કે એ મારો વાંક છે. તે તારો પણ વાંક છે. પણ આપણે શું કરશું ?

વંકટ—જો બાપા જાણશે તો ગુસ્સે થશે. આપણે તે કોઈ ઠેકાણે છુપાવી શકીએ નહિ ?

કમલા—ના ! ના ! કોઈ વખત અથવા બીજી વખતે તે માલમ પડશે. આપણે આપણા બાપાને કહીએ તે વધારે સારૂં ને એમ કહેવું કે અમે દીલગીર છીએ. કદાચ પછી તે એટલા ગુસ્સે થશે નહિ.

વંકટ—મને બીક છે (મને લાગે છે કે) તે ગુસ્સે થશે. આપણે માને કહીએ તો સારૂં નહિ ? કદાચ તે બાપાને ગુસ્સે ના થવા કહેશે. જેવાં તેઓ વાત કરતાં હતાં તેવીજ તેની મા ઓરડામાં આવી. તે થાકી ગઇ હતી, અને તે ખુરશી ઉપર બેઠી. છોકરાં તેની આગળ ગયાં અને નીચે જોઇ તેની આગળ શાન્ત ઉભાં રહ્યાં. માએ જાણ્યું કે કાંઇ થયું છે. તેણીએ કહ્યું, " તમે શા માટે આવા શાંત ઉભાં રહ્યાં છો ? તમે કાંઇ ખોટું કર્યું છે ? " કમલા પછી ડચકાં ખાવા લાગી, અને વંકટ રોઈ પડયો. પછી માતા બોલી " છોકરાં, તમે શા માટે રડો છો ? તમને કોઇએ ઈજા કરી છે ? શું થયું છે ? રડો નહિ. "

કમલા—મા, અમે રમતાં હતાં, અને હમે કાચને હટસેલો માર્યો ને તે ભાગી નાખ્યો. હમે ઘણાં દીલગીર છીએ, અને અમને બીક લાગે છે કે બાપા અમારા ઉપર ગુસ્સે થશે.

મા—શું એજ છે ? તમે કાચ ભાગ્યો તેથી હું દીલગીર છું. પણ તમે મને સાચું કહ્યું છે તેથી હું ઘણી ખુશી છું. બીશોમાં. હું તમારા બાપાને કહીશ. તે તમારા ઉપર ગુસ્સે થશે નહિ કારણકે તમે સાચું કહ્યું છે.

---

23. The Boat.

Deep (ડીપ્) ઉંડી.
River (રીવર્) નદી.
Cross (ક્રૉસ્) ઓળંગવું.
On foot (ઑનફુટ્) પગે.
Close by (ક્લોઝ બાય્) પાસે.
Bridge 1 (બ્રીજ્) પૂલ.
Across (ઍક્રોસ્) પેલે પાર.(વચ્ચે થઇને).
Just (જસ્ટ્) બરાબર.
As if (ઍઝ ઇફ્) જાણેકે.
Along (એલૉન્ગ્) સીધા.
Runs (રન્સ્) વહે છે.
Underneath (અંડરનીથ્)નીચે.
Banks 2 (બૅન્કસ્) કાંઠા.
Are called (આરકૉલ્ડ્) કહેવાય છે.
Between 3 (બીટવીન્) વચ્ચે.
Where to (વ્હેર ટુ) ક્યાં.
Flow (ફ્લો) વહે છે.
At last (ઍટ લાસ્ટ) આખરે.
Where from (વ્હેરફ્રૉમ્)ક્યાંથી.
Clouds (ક્લાઉડસ્) વાદળાં.

---

(1) The bridge of the nose—નાકની દાંડી. (2) દરીઆના કાંઠાને A shore કહે છે. (3) Between બેની વચ્ચે. બે કરતાં વધારે હોય તો Among વાપરવો.

Tied (ટાઇડ) બાંધ્યા.
Floats 4 (ફ્લોટસ્) તરે છે.
Inside (ઈન્સાઇડ) અંદર.
Windows (વીન્ડોઝ) બારીઓ.
What for (વ્હોટફૉર) શામાટે.
Gentlemen (જેન્ટલમૅન) ગ્રહસ્થ માણસ, સદ્ગ્રહસ્થો.
Has set (હેઝસૅટ) આથમ્યોછે.
Get up (ગૅટઅપ) જવું.
Ladder (લૅડર) નીસરણી.
Steps (સ્ટૅપ્સ) પગથીઆં.
Rope (રોપ) દોરડું.
Through (થ્રુ) અંદર થઇને.
Push (પુશ) (હડસેલો મારી) ચલાવે છે.
Poles 5 (પોલ્સ) વાંસડા.
Boatman (બોટમૅન) હોડીવાળો.
Dark (ડાર્ક) કાળી.
Shadow 6 (શૅડો) પડછાયો.
Upside down (અપ સાઇડ ડાઉન) ઉંધી (વળેલી)
Far away (ફાર આવે) દૂર.
Fills (ફીલ્સ) ભરે છે.

23 The Boat.

૨૩ હોડી.

આ પાણીની ભરેલી ઉંડી નદી છે. આપણે તે પગે (ચાલીને) પાર ઉતરી શકતા નથી. પણ પાસે એક પુલ છે જે છેક આરપાર જાય છે (જે ઉપરથી છેક આરપાર જવાય છે) જાણે તે રસ્તો હોય તેની માફક તેમ પુલ ઉપરથી નદી ઉપર થઈ ચાલો. તેના ઉપર તમે કેટલાક માણસો હમણાં ચાલતા જોશો.

નદી પુલ નીચે વહે છે. નદીની બે બાજુઓ કીનારા કહેવાય છે. પાણી કીનારા વચ્ચે વહે છે.

નદી કયાં વહે છે ?

---

(4) Float પાણીની સપાટી ઉપર તરવું. પાણીની અંદર તરવાને To swim કહે છે. (5) The pole star ધ્રુવનો તારો. (6) ઝાડની છાયાને A shade કહે છે.

સઘળી નદીઓ જમીન ઉપર વહે છે અને આખરે દરિયામાં જાય છે.

નદીમાં સઘળું પાણી કયાંથી આવે છે? તે વાદળામાંથી જમીન ઉપર પડે છે, અને નદીઓમાં વહે છે.

પેલી કેવી સુંદર હોડી કીનારા નજીક બાંધેલી છે. તે લાકડાના બનાવેલા નાના ઘર જેવી છે, અને તે પાણી ઉપર તરે છે. તેને અંદર બારી બારણાવાળા ઓરડા છે. ચાર બારીઓ ઉઘાડી છે, અને સાત બંધ છે. બારણું ઉઘાડું છે.

હોડીની ટોચ ઉપર હું બે ખુરશીઓ જોઉં છું. તે શા માટે છે? સાંજે જ્યારે સૂર્ય આથમે છે ને ઠંડક થાય છે ત્યારે હોડીમાં બેસવા તે ગ્રહસ્થો માટે છે. તમે એક ટુંકી નીસરણી ટોચ ઉપર જુઓ. (જઈ શકો) તેને ત્રણ પગથીઆં છે. એક માણસ ટોચના પગથીઆ ઉપર બેઠો છે. હોડી કીનારે દોરડાથી બાંધી છે. પાણીમાં હોડી શાથી ચાલે છે? માણસો તેને વાંસડાથી આગળ હડસેલે છે (ઠેલે છે). હમણાં હોડીની ટોચ ઉપર હોડીવાળો તેના હાથમાં વાંસડો લઇ ઉભો છે.

હોડી નીચે પાણીમા પેલી કાળી વસ્તુ શું છે?

એ હોડીનો પડછાયો છે, તે ઉંધી વળેલી બીજી હોડી જેવો દેખાય છે. દૂર નદીના બીજા કીનારા નજીક હું બીજી બોટ આના જેવી જોઈ શકું છું;

વરસાદ નદીઓ ભરે છે.
નદીઓ દરીઆમાં વહે છે.

---

24. Time Past And Present.

ગયો અને ચાલુ વખત.

આ પાઠના શબ્દોના અર્થ તરજુમામાં આવી જાય છે.

To-day	Yester day (યસટર ડે)	To-day (ટુ ડે)	Yster day
આજ.	ગઈ કાલ.	આજ.	ગઈ કાલ.
હું કહું છું.	મેં કહ્યું.	તે કહે છે.	તેણે કહ્યું.
હું કરૂં છું.	મેં કીધું.	તે કરે છે.	તેણે કીધું.

હું છું.	હું હતો.	તે છે.	તે હતો.
હું આપું છું.	મેં આપ્યું.	તે આપે છે.	તેણે આપ્યું.
હું કહું છું.	મેં કહ્યું.	તે કહે છે.	તેણે કહ્યું.
મારી પાસે છે.	મારી પાસે હતું.	તેની પાસે છે.	તેની પાસે હતું.
હું જાઉં છું.	હું ગયો.	તે જાય છે.	તે ગયો.
હું સાંભળું છું.	મેં સાંભળ્યું.	તે સાંભળે છે.	તેણે સાંભળ્યું.
મને મળે છે.	મને મળ્યું.	તેને મળે છે.	તેને મળ્યું.
હું આવું છું.	હું આવ્યો.	તે આવે છે.	તે આવ્યો.
હું જાગું છું.	હું જાગ્યો.	તે જાગે છે.	તે જાગ્યો.
હું બેસું છું.	હું બેઠો.	તે બેસે છે.	તે બેઠો.
હું લાવું છું.	હું લાવ્યો.	તે લાવે છે.	તે લાવ્યો.
હું ખરીદ કરૂં છું.	મેં ખરીદ કર્યું.	તે ખરીદ કરે છે.	તેણે ખરીદ કર્યું.
હું પીઉં છું.	મેં પીધું.	તે પીએ છે.	તેણે પીધું.

આ પાઠમાં ૧૮ ક્રિયાપદ છે તેમાંથી ૧૨ ક્રિયાપદ say, do, give, tell, have, hear, get, bring, buy, drink, eat, see એ બાર સકર્મક છે. એમના પછી કર્મ અવશ્યે વાપરવું જોઇએ એવો ઇંગ્રેજી વ્યાકરણનો નિયમ છે. જેમકે I say something, હું કાંઇ કહું છું. I do something. આ પ્રમાણે something દરેક ક્રિયાપદને લગાડીએ તો વાક્યનો અર્થ બેસે. બાકીના ૬ ક્રિયાપદ am, go, come, wake, sit, sleep અકર્મક છે, તેમાં Am ની પાછળ વિશેષણ વાપરવું, કે બીજા અકર્મક કે સકર્મકનો વર્તમાન કૃદંત વાપરવો. જેમકે I am carful–હું કાળજીવાળો છું. I am doing my lessons–હું મારા પાઠ કરૂં છું. બીજાં ક્રિયાપદ આગળ જગા કે વખત વપરાય છે. જેમકે This boy comes to school–આ છોકરો નિશાળે આવે છે. I sit on a bench–હું પાટલી ઉપર બેસું છું, I wake at tb o'clock–હું છ વાગે જાગું છું.

હું ખાઉં છું.	મેં ખાધું.	તે ખાય છે.	તેણે ખાધું.
હું જોઉં છું.	મેં જોયું.	તે જુએ છે.	તેણે જોયું.
હું ઉંઘું છું.	હું ઉંઘ્યો.	તે ઉંઘે છે.	તે ઉંઘ્યો.

---

25 The Stars.

૨૫ તારા.

Bright 1 (બ્રાઇટ્) ચળકતા.
Count 2 (કાઉન્ટ્) ગણવું.
Twinkle (ટ્વિન્કલ્) ઝગઝગવું.
Diamond (ડાયમન્ડ્) હીરો.
Because of (બીકૉઝ ઓવ્)લીધે
Light 3 (લાઇટ્) અજવાળું.
Wonder 4 (વન્ડર્) અજાયબ પામવું.
World 5 (વર્લ્ડ) દુનીઆ.
So high(સોહાય) આટલા ઉંચા.
Blazing (બ્લેઝિન્ગ્) તપતો.
Dew (ડયુ) ઝાકળ.
Is wet (ઇઝ વૅટ્) ભીનું થયું છે.

જ્યારે સૂર્ય આથમ્યો હોય છે ત્યારે ચળકતા તારા રાત્રે પ્રકાશે છે. તેઓ એટલા બધા છે કે આપણે તેને ગણી શકતા નથી. તેઓ દેખાતા અને અદૃશ્ય દેખાય છે, અને તેથી આપણે કહીએ છીએ કે તેઓ ઝગઝગે છે. તેઓ આકાશમાં હીરા જેવા દેખાય છે. દિવસને વખતે આપણે તેમને સૂર્યના ચળકતા તેજને લીધે જોઈ શકતા નથી.

---

(1) Bright નો બીજો અર્થ બુદ્ધિવાન થાય છે. જેમકે He is a bright boy. Bright half (બ્રાઇટ હાફ્) શુદ. Dark half (ડાર્ક હાફ્) વદ. (મહીનાના બે પક્ષ). (2) Countless અગણિત. As there are countless stars in the sky આકાશમાં અગણિત તારા છે. (3) Light નો બીજો અર્થ તોલમાં હલકું થાય છે. (4) Wonderful અજાયબ જેવું. (5) Wordly, દુનીઆ સંબંધી, સંસારી.

નાના તારા, ઝળક, ઝળક, દુનીઆં ઉપર આટલે ઉંચે આકાશમાં હીરાની માફક તું શું છે ? તેનો અમને અચંબો થાય છે.

જ્યારે તપતો સૂર્ય આથમ્યો હોય છે; જ્યારે ઘાસ ઝાકળથી ભીનું થયું હોય ત્યારે તું તારૂં થોડું તેજ બતાવે છે. આખી રાત ઝબુક ઝબુક.

26 Dinner.1

(ડીનર્) ભોજન.

Are eating(આર ઇટિન્ગ્)ખાયછે
Meal 2 (મીલ્) ભોજન.
Break-fast (બ્રેકફાસ્ટ્) નાસ્તો.
Coffee (કાફી) બુંદદાણાનો ઉ-કાળો-કાવો.
Rice 4 (રાઈસ્) ચોખા.
Cake 5 (કેક્) પુરી.
Hungry 6 (હંગ્રિ) ભૂખ્યા.
Thirsty 7 (થર્સ્ટિ) તરસ્યા.
Pretty (પ્રેટી) સુંદર.
Behind (બી હાઇન્ડ્) પાછળ.
Flower-pots 8 (ફ્લોવર પૉટસ્) ફુલનાં કુંડાં.
Plate (પ્લેટ્) રકાબી.
Boiled Rice (બોઈલ્ડ્ રાઈસ્) રાંધેલા ચોખા-ભાત.
Flat (ફ્લૅટ્) ચપટી.
Dish (ડિશ્) રકેબી.
Curry (કરી) કઢી જેવો ખાવાનો નરમ પદાર્થ.
Chutney (ચટની) ચટણી.

---

(1) To dine-જમવું To take a dinner-જમવું. (2) Meal-એક વખતે લીધેલું ભોજન, તેમાં Break-fast, Dinner અને Supper પણ આવી જાય છે. (3) (**Break**, ભાગવું, તોડવું, fast-અપવાસ) **દિવસનું** પહેલું ભોજન, નાસ્તો. (4) Paddy (પૅડી) ડાંગર. (5) **An oil cake**, ખોળ. **A cake** of cowdung (કાઉડંગ્-ગાયનું છાણ) છાણું. (6) **Hunger**, ભુખ. (7) Thirst (થર્સ્ટ્) તરસ. (8) **A potter** (પૉટર્) કુંભાર.

Chillies 9 (ચિલિઝ્) મરચાં.
Pepper (પૅપર્) મરી.
Middle (મિડલ્)મધ્યનો, વચલો.
Handtul10 (હેન્ડ્ ફુલ્) મુઠો.
Is pouring (ઇઝ પોરિન્ગ્)રેડેછે
Round (રાઉન્ડ્) ગોળ.
Green11 (ગ્રીન્) લીલાં.
Supper 12 (સપર્) રાતનું ભો-જન-વાળુ.
The idle 13 (ધી આઇડલ્) આ-ળસુ લોક

---

૨૬. ભોજન (ખાણું).

ત્રણ માણસો પોતાનું ભોજન લેતા બેઠા. દિવસના પહેલા ભોજનને આપણે નાસ્તો કહીએ છીએ. હમણાં એક વાગ્યો છે. આ ત્રણ માણસોએ આખી સવારે સખત કામ કર્યું છે. તેઓએ ઘર છોડયું તે પહેલાં તેઓએ થોડી કાંજી પીધી અને ચોખાની ભાખરી ખાવી પડી. તે તેમનો નાસ્તો હતો. પણ તે વખતે આઠ વાગ્યા હતા પાંચ કલાક થયા તેઓએ કશો ખોરાક લીધો નહોતો, અને હમણાં તેઓ ભુખ્યા ને તરસ્યા થયા છે, તેથી તેઓ સુંદર બાગમાં ફુલનાં કુંડાંની પાછળ જ્યાં તેમને કોઈ જોઇ શકે નહિ ત્યાં તેઓ પોતાનું ભોજન કરે છે. દરેક માણસની આગળ એક રકેબી છે. રકેબી ઉપર થોડા સુંદર ધોળા ઉકાળેલા ચોખા (ભાત) છે. દરેક રકેબીની પાસે તમે એક નાની ચપટી રકાબી (થાળી) કઢી અને ચટ-ણીની ભરેલી જુઓ છો. કઢી ઘણી ગરમ છે. એમાં મરચાં અને મરી છે. એક

---

(9) Garlic (ગાર્લિક્) લસણ. Green-ginger (ગ્રીનજીંજર્) આદુ. Dried ginger (ડ્રાઇડ જીંજર્) સુંઠ. (10) A monthful, (માઉથ ફુલ) કોળીઓ. (11) Green નો બીજો અર્થ લીલોતરીવાળુ મેદાન. (12) To sup (સપ્) રાતે વાળુ કરવું. (13) ઇંગ્રેજી વ્યાકરણનો એવો નિયમ છે કે વિશેષણ પહેલાં The મુકે તો તે શબ્દ નામ થાય છે. જેમકે The poor ગરીબ લોક. The rich પૈસાદાર લોક.

માણસ હમણાં થોડું પાણી પીએ છે. વચલો માણસ પોતાના હાથમાં ભાતનો (મુંડો) કોળીઓ લે છે. ત્રીજો માણસ એક નાના વાસણમાંથી પોતાના હાથ ઉપર થોડું પાણી રેડે છે. તે એ વડે ખાય તે પહેલાં તે પોતાનો હાથ ધોશે, મરચાં તીખાં હોય છે. તે વાડીમાં ઉગે છે. તે ઘણાં ગરમ છે. કેટલાંક લાંબા હોય છે, કેટલાંક ગોળ હોય છે. કેટલાંક લીલાં ને કેટલાંક લાલ હોય છે. રાત્રે આપણે જે ભોજન લઇએ છીએ તેને આપણે વાળુ કહીએ છીએ. આજ રાત્રે આઠ વાગે તેઓ પોતાના વાળુ તરીકે થોડી વધારે કઢી અને ભાત ખાશે. તેઓ તે ઘેર ખાશે. ત્યાર પછી તેઓ સુઇ જશે ને ઉંઘી જશે. જે લોકો દિવસે સખત કામ કરે છે, તેઓ રાત્રે સારી પેઠે ઉંઘે છે. આળસુ માણસોને ઉંઘ આવતી નથી. જો તમે સારી પેઠે ઉંઘવાને ઈચ્છતા હો તો તમારે સખત કામ કરવું જોઇએઃ—

સવારમાં આપણે નાસ્તો લઈએ છીએ.
દિવસે આપણે ભોજન લઇએ છીએ.
રાત્રે આપણે વાળું કરીએ છીએ.

---

27. The Naughty Boy.

૨૭ (ધ નૉટિ બૉય્) તોફાની છોકરો.

Well 1 (વૅલ્) કુઓ.
To help (ટુ હૅલ્પ્) મદદ કરવી.
Pushed (પુશ્ડ્) ધક્કો માર્યો.
Laughing (લાફિન્ગ્) હસતો.
To get back (ટુ ગૅટ બૅક્)પાછા આવવું.
Ought 2 (ઑટ) જોઈએ.
Tease (ટીઝ્) ચીડવવું.
Polite3 (પોલાઈટ્)સભ્યતાવાળા
Ask for (આસ્કફૉર્) માગવું.
Please 4 (પ્લીઝ્) મહેરબાની કરવી.

---

(1) A stepping-well–વાવ. (2) Aught (ઑટ્) કંઇ વસ્તુ. (3) Politeness સભ્યતા. (4) Pleasure ખુશી, મહેરબાની.

Want 5 (વૅાન્ટ્) જોઇએ.
Ma'am-Madam (મૅમ્—મડમ્) સાહેબની સ્ત્રી.
Lady (લેડી) મોટા માણસની સ્ત્રી.
Bed 6 (બૅડ્) બીછાનું.
Part with (પાર્ટ વિથ્) જુદા પડવું.
Meet 7 (મીટ્) મળવું.
Leave 8 (લીવ્) છોડવી.
At all (ઍટઑાલ્) બીલકુલ.
Way (વે) રસ્તો.
Sir (સર્) સાહેબ (આ શબ્દ સાહેબ સાથે વાત કરતાં બોલાય છે.)

૨૭ તોફાની છોકરો.

આ નાની છોડી આજ સવારે પોતાની મા સારૂ થોડું પાણી લેવાને કુવે ગઈ તેનો ભાઈ તેને મદદ કરવાને તેની સાથે ગયો. પણ તે તોફાની છોકરાએ શું કર્યું ? જેવો તે પોતાની બેનની પાછળ ચાલતો હતો તેવોજ તેણે તેણીને ધક્કો માર્યો. ઘડો પડી ગયો ને પાણી ઢળી ગયુ, પછી તે પોતાની નાની ગરીબ બેન આગળ હસતો ઉભો રહ્યો તેણીએ રડવા માડયુ તેણીને બીક હતી તે વખતસર પાછી જશે નહિ. આપણે આપણા ભાઇઓ અને બેનો તરફ માયાળુ થવું જોઇએ. આપણે તેમને ચીઢવવાં જોઇએ નહિ આપણે તેમને ખુશ કરવાને યત્ન કરવો જોઇએ આપણે તેમને હમેશાં મદદ કરવાને તૈયાર રહેવું જોઈએ અને આપણે દરેક સાથે સભ્ય થવું જોઇએ જ્યારે આપણે કંઈ ચીજ માગીએ ત્યારે આપણે એમ ના બોલવું "આ આપો" પણ "જો તમારી ખુશી હોય" અગર "મને મહેરબાની કરીને આ આપો." અને જ્યારે આપણને કંઈ વસ્તુ ના જોઇએ ત્યારે આપણે કહેવું જોઇએ "આપનો આભાર માનુંછું." જ્યારે આપણે કોઈ સદ્‌ગ્રહસ્થની સાથે બોલીએ ત્યારે આપણે હમેશાં "સાહેબ" (એમ) કહેવું જોઇએ; અને જ્યારે કોઈ બાઈ સાથે બોલીએ ત્યારે "મૅમ—કે મૅડૅમ" કહેવું જોઇએ. જ્યારે તમે સવારમાં પહેલાં

---

(5) Want બીજો અર્થ તંગી (6) Bedding બીછાનું. (7) meeting સભા. (3) To join school નિશાળમાં દાખલ થવું.

તમારા બાપ અથવા મા અથવા બેન અથવા ભાઇને મળો ત્યારે " ગુડમૉર્નિંગ (સવારની સલામ) કહો. અને જ્યારે તમે રાત્રે સુઈ જાઓ ત્યારે તેમને " ગુડનાઈટ " (રાતની સલામ) કહો. જ્યારે તમે કોઇ મિત્રથી જુદા પડો ત્યારે " ગુડબાય " કહો.

નિશાળે જ્યારે તમે તમારા માસ્તરને મળો ત્યારે " ગુડમૉર્નિંગ, સર " અને જ્યારે નિશાળ છોડો ત્યારે " ગુડ ઇવનિંગ, સર " કહો.

Be Polite.

સભ્ય થાઓ.

સારા નાના છોકરાઓએ કદી એવું ના જોઇએ. "હું કહીશ મને આ આપો"

ના ! તે બીલકુલ રીત નથી. એમ કહો " મા, જો તમારી મહેરબાની હોય તો "

દરેકને કહો " જો તમારી મહેરબાની હોય તો " અને ગ્રહસ્થને " હા, સાહેબ," અને (મોટા ઘરની સ્ત્રી) બાઇને " હા, મડમ " (બાઈ કહો.)

---

28 A Walk in the Fields

ખેતરમાં સફર (ફરવા જવું તે.)

Had lived (હૅડ લિવ્ડ્) રહ્યો હતો.

Life 1 (લાઇફ્) જીંદગી.

Town (ટાઉન્)નાનું શહેર,કસબો

Beast (બીસ્ટ્) પ્રાણી.

His own (હીઝઓન્) તેના પોતાના.

Once (વન્સ્) એકવાર.

Ill 2 (ઈલ્લ્) માંદો.

Got (ગૉટ્) થયો.

Thin (થીન્) દુબળો.

Weak (વીક્) નબળો.

Stay (સ્ટે) રહેવું.

---

(1) Life નો બીજો અર્થ જીવન ચરિત્ર થાય છે. (2) Illness મંદવાડ.

In the country (ઈનધકંટ્રિ) ગામ બહાર વગડામાં.
Well (હવેલ્) સારો, સાજો.
Green (ગ્રીન્) લીલું.
Walk (વૉક્) ફરવા જવું તે.
Good (ગુડ્) લાભ, ફાયદો.
Put on (પુટ ઑન્) પહેરો.
Cap (કૅપ્) નાની ટોપી.
Shoes (શુઝ્) જોડાં (પગનાં)
Ready (રૅડી) તૈયાર.
Across (એક્રૉસ્) વચ્ચે થઇને.
Tank 1 (ટૅન્ક્) બાંધેલું તળાવ.
Has not risen (ઉગ્યો નથી.)
Mango tree 2 (મૅન્ગોટ્રી) કેરીનું ઝાડ (આંબો)
Ugly (અગ્લિ) કદરૂપુ, બેડોળ.
Flying (ફ્લાઇન્ગ) ઉડતો.
Past (પાસ્ટ્) પાસે થઇને.
Bat (બૅટ્) વાગોળ, ચામાચીડીઉં.
Wings (ઉવીંગ્ઝ) પાંખો.
Owl (આઉલ્) ઘુવડ
Hole (હૉલ્) દર.
Stop (સ્ટૉપ્) અટકવું.
Monkey 3 (મન્કી) વાંદરો.
Life (લાઇફ્) જેવું.
Holding on (હોલ્ડિંગઑન્) પકડી રહ્યો.
Branch (બ્રેન્શ) ડાળું.
Tail (ટેલ્) પુંછડી.
Back (બૅક્) પીઠ.
Sounds (સાઉન્ડઝ્) અવાજ.
Wheels 4 (ઉવ્હિલ્સ્) પૈડાં.
Carriage (કેરેજ) ગાડી.
Before (બીફૉર્) અગાઉ.
Raja (રાજા) રાજા.
Drive (ડ્રાઇવ્) ગાડીમાં બેસીને ફરવા જવું તે.
Cross (ક્રૉસ્) આરપાર થઇને.
Beautiful (બ્યુટીફુલ્) ખુબસુરત.
Peacock 5 (પીકૉક્) મોર.
Queen 6 (ક્વીન્) રાણી.

---

(1) બાંધેલુ તળાવ જેવું કે The Kankaria Tank. (2) Mango juce, (મેન્ગોજ્યુસ–કેરીનો રસ. Mango stone (મેન્ગો સ્ટોન્) કેરીની ગોટલી. (3) Monkey-God હનુમાન. (4) A carriage and one એક ઘોડાની ગાડી. (5) A pea-hen ઢેલ (મોરની માદા.) (6) A King રાજા.

Gold (ગોલ્ડ્) સોનેરી.
Grain (ગ્રેન્) દાણો.
Hullo (હલ્લો) Same as hallo અલ્યા, ઓ ઓ !
Why (વાઇ) શા માટે ?
Are pulling (આરપુલિંગ્) ખેંચે છે.
Back (બૅક્) પાછા.
Quick (ક્વિક્) જલ્દી.
Snake 1 (સ્નેક્) સાપ.
Hissed (હીસ્સ્ડ્) ફુંફાડા માર્યા.
Nearly (નીઅર્લિ) લગભગ.
Cobra 2 (કોબ્રા) કાળો નાગ.
Bit (બીટ્) કરડયો.
Keep away (કીપ આવે) દૂર રહો.
Safe 3 (સેફ્) સહીસલામત.
Hare (હૅર) સસલું.
What (વૉટ્) કેવા.
Catch (કૅચ્) પકડવું.
Farmer 4 (ફાર્મર) ખેડુત.
To plough 5 (ટુ પ્લાઉ) ખેડવાને.
Oxen (ઓક્સન્) બળદો.
Early (અર્લિ) વહેલું.
Elephant (ઍલિફન્ટ્) હાથી.
Tame 6 (ટેમ્) પાળેલો.
Hanging (હૅન્ગીંગ) લટકતી.
Trunk 7 (ટ્રન્ક્) સુંઢ.
Pick up (પીક્અપ્) ઉપાડી લેવું.
Feeds himself પોતે ખાય છે
Plaintains (પ્લૅન્ટેન્સ્) કેળાં.

---

૨૮ ખેતરોમાં ફરવા જવાની સેહેલ.

રામુ એક છોકરો હતો જે આખી જીંદગી ગામડામાં રહ્યો હતો. તે નાના શહેર વિષે કાંઈ જાણતો નહોતો. તે તમને પોતાના દેશમાંના કોઇ પખી કે પશુનું નામ કહી શકતો. તે બાર વરસનો થયો હતો. તે હોંશીયાર છોકરો હતો.

---

(1) A slough (સ્લફ્) સાપની કાંચળી. (2) A hood નાગની ફેણ. (3) Safe નો બીજો અર્થ લોઢાની તીજોરી–પેટી. (4) ઇજારદાર. (5) Plough–હળ. (6) ક્રિયાપદ–પાળવું. (7) લોઢાની પેટી.

તેને રંગુ નામનો પિત્રાઈ ભાઈ હતો, જે નવ વરસનો હતો. રંગુ હમેશાં શહેરમાં રહેતો હતો. તે ગામડા વિષે કાંઇ જાણતો નહોતો. તે પક્ષી અને પશુઓ વિષે ઘણું થોડું જાણતો હતો. એકવાર તે માંદો પડયો ને પાતળો ને દુબળો થઈ ગયો. એના પિતાએ તેને તેના પિત્રાઇ ભાઇ રામુ સાથે રહેવા ગામડામાં મોકલ્યો. તેણે કહ્યું "ગામડાની હવા સારી હોય છે" તેથી રંગુ સારો થશે.

પહેલાં રંગુ ઘરમાં રહ્યો. પણ તે થોડી મુદતમાં મજબુત ને સારો થયો. એક સવારે બે છોકરા ગામડામાં હવા ખાવા (ફરવા) ગયા.

રામુ—રંગુ, આ સુંદર દિવસ છે. હમણાંજ છ વાગ્યા છે. મારી સાથે ફરવા બહાર આવ એથી તને ફાયદો થશે. તું શહેરમાં નહીં જુએ એવી ઘણી વસ્તુઓ જોઇશ. તારાં જોડાં ને ટોપી પહેર.

રંગુ—અરે ! રામુ, તારો આભાર માનુંછું, હું અહિઆં તૈયાર રહ્યો. આપણે કયાં જઇશું ?

રામુ—હું તને રસ્તે લઇ જઇશ. પછી આપણે ખેતરોમાં થઇને તળાવે જઇશું. પછી આપણે પાછા આવીશું. એમાં આપણને એક કલાક લાગશે. પછી તાપ પડશે. હમણાં તદ્દન ઠંડ છે. સૂર્ય ઉગ્યો નથી.

રંગુ—તે કેવું મોટું સુંદર ઝાડ છે ? રામુ, તે શું છે ?

રામુ—તે આંબો છે.

રંગુ—હું તેના ઉપર કાંઈ કેરીઓ જોઇ શકતો નથી.

રામુ—કેરીઓની આ મોસમ (વખત) નથી. જુન કે જુલાઇ સુધી આપણને કેરીઓ મળશે નહિ.

રંગુ—અરે ! રામુ, પેલું પાસે થઈને ઉડતું કાળું પક્ષી શું છે ?

રામુ—એ પક્ષી નથી. તે ચામાચીડીયું છે. તે પાંખોવાળા ઉંદર જેવું દેખાય છે. તે ઘુવડની માફક આખો દિવસ ઉંઘે છે, ને રાત્રે આમ તેમ ઉડે છે. તે ચામાચીડીયું કોઈ ઝાડ કે જુની દીવાલમાં પોતાનાં દર તરફ ઉડે છે. પણ તું શા માટે અટકે છે ?

રંગુ—હું ઝાડમાં કાંઈ જોઈ શકું છું, પણ ત્યાં જો? હું ધારું છું કે તે વાંદરો હશે. મેં એક વખત વાંદરો જોયો (હતો), પણ તે આના જેવો નહોતો.

રામુ—હા? હવે હું તેને જોઇ શકું છું. પોતાની પીઠ ઉપર હવામાં તે પોતાના ડાબા હાથમાં ડાળીને પકડી રહ્યો છે. તે આપણા તરફ જુએ છે. હા, તે હનુમાન+ વાંદરો છે આ ખેતરોમાં ઝાડોમાં ઘણા વાંદરા છે.

રંગુ—હું પૈડાનો અવાજ સાંભળું છું, અહિંઆં એક ગાડી આવે છે.

રામુ—હા, ચાલો, આપણે રસ્તાની એક બાજુએ રહીએ. આવી મોટી સુંદર ગાડી મેં કદી જોઈ નહોતી. તે કોણ હશે?

રંગુ—રામુ, હું તે તને કહીશ. તે રાજા છે. તે આપણા શહેરમાં રહે છે. હું તેને તેની ગાડીમાં વારંવાર જોઉં છું. તે કોઈ મોટા માણસને અહીં મળવા આવ્યા છે. તે સવારમાં ફરવા માટે બહાર જાય છે. તે ઘણા પૈસાદાર માણસ છે, અને તે ઘણા મોટા ઘરમા રહે છે.

રામુ—ઠીક, ચાલ આપણે રસ્તો છોડી દઇએ, ચાલ ખેતરમાં થઇને જઇએ, પેલું તળાવ રહ્યું, તે તું જોઇ શકે છે.

રંગુ—ઝાડ ઉપર પેલું સુંદર મોટું પક્ષી શું છે? મેં પહેલાં આવું સુંદર પક્ષી કદી જોયું નથી.

રામુ—હા, રંગુ તે સુંદર પક્ષી છે. તે મોર× છે. આપણે તેને પક્ષીઓની

+ આ ચોપડી લખનારને ખબર નથી કે હનુમાન તે કોણ ને વાંદરો તે કોણ. તે તો હનુમાનનેજ વાનરો માને છે. પણ હનુમાન જો કે વાંદરાના આકારનો પણ તેનો દેવ છે. એટલે હનુમાન વાંદરો છે એમ ન કહેવાય.

× મોર કરતા ઢેલ વધારે શોભે છે કારણ કે ઢેલ એ નારી જાતિ છે. માટે તે પક્ષીઓની રાણી કહેવાય. મોર નર જાતિ છે Sit શબ્દ પક્ષીઓ માટે નથી વપરાતો Perch શબ્દ વપરાય છે.

રાણી કહીએ છીએ. તેની બધી લીલા રંગની અને સોનેરી પુંછડી જો તે આપણા ઘર પાસે ઝાડ ઉપર ઘણીવાર બેસે છે. આપણે તેને ખાવાને દાણા આપીએ છીએ. તે ઘણો કળી ગયેલો છે. તે નીચે ઉડી આવે છે તે દાણા ખાય છે.

રંગુ—મેં મોર વિષે વારંવાર સાંભળ્યું છે, પણ પહેલાં મેં એક મોર જોયો નહોતો. અરે! શું થયું? મને પાછો શા માટે ખેંચે છે?

રામુ—રંગુ! રંગુ! પાછો આવ! જલ્દી કર! જલ્દી કર! તારી પાસે સાપને તું જોતો નથી? પાછો! પાછો!

રંગુ—હા! હા! તેણે કેવો ફુંફવાડો માર્યો. મેં તેની ઉપર લગોલગ પગ મુક્યો. તે કેવો ગુસ્સે દેખાય છે? તેણે તેનું માથું કેવું ઉંચું રાખ્યું છે?

રામુ—તે નાગ છે, ઘણો મોટો નાગ! જો તે તને કરડે તો તું મરી જાય તું કશાથી બચી શકે નહિ; તે સાપનો મોટો રાજા છે. તેનાથી દૂર રહે. તે આ ખેતરમાં રાફડામાં રહે છે. દરેક જણ તેનાથી બીહે છે.

રંગુ—તેં મને પાછો ખેંચ્યો તેથી હું ખુશી થયો છું. હવે આપણે પાસેના ખેતરમાં સહીસલામત છીએ. સલામ, સાપના રાજા? હું તને ફરીથી જોવા માગતો નથી.

રામુ—રંગુ, પેલી નાની સુંદર ચીજ શું છે તે તું જાણે છે? તે દોડી જાય તે પહેલાં તેની સામુ જો. તે એમ ધારે છે કે આપણે તેને જોતા નથી. તેથીજ તે આવું શાંત બેસી રહ્યું છે.

રંગુ—ના, મેં તે અગાઉ કદી જોયું નથી.

રામુ—તે સસલું છે. તે ખેતરમાં રહે છે. તે ઘણી ઝડપથી દોડે છે. તેને કેવા લાંબા કાન છે! તું તેને કદી પકડી શકે નહિ. કુતરાં તેને પકડવાને યત્ન કરે છે, પણ તેઓ કદી પકડી શકતા નથી. તે ઘણુંજ જલદી દોડે છે.

રંગુ—રામુ, ખેતરમાં આ માણસ ચાલે છે તે કોણ છે?

રામુ—તે નરસુ ખેડુત છે. તે પોતાનું ખેતર ખેડવા જાય છે. તે પોતાની સાથે પોતાના બે બળદો લઇ જાય છે. તે સવારમાં ઘણો વહેલો જા-

તાને ક્રામે જાય છે.

રંગુ—રામુ, હવે આપણે ચાલો પાછા જઇએ. પણ મહેરબાની કરીને સાપના રાજા પાસે જતો નહિ.

રામુ—અરે ના! હું તને બીજે રસ્તે પાછો લઈ જઇશ. આપણે છેક લાંબે ફરી આવ્યા છીએ.

રંગુ—અરે, રામુ, ઝાડ નીચે ઉભું રહેલું પેલુ મોટું પશુ શું છે? આપણે દોડી જઇશું?

રામુ—ના, ના, તે તો માત્ર હાથી છે. તે ઘણો મોટો છે, અને તે ઘણો જોરાવર છે. પણ તે તદ્દન પાળેલો છે. તે આપણને ઇજા કરશે નહિ.

રંગુ—એના મો આગળ પેલી લાંબી લટકતી ચીજ શું છે!

રામુ—તે તેનું નાક છે. તેને આપણે સુંઢ કહીએ છીએ.

રંગુ—મેં આવું લાંબુ નાક અગાઉ કદી જોયું નહિ.

રામુ—તે વળી લાંબા હાથ જેવું છે. હાથી તે વડે કોઇ ચીજ ઉપાડી શકે છે. તે તેનાથી ખાય છે. અને તેનાથી પાણી પીએ છે. આપણે કાલે સવારે ફરીથી ફરવા નીકળી આવશું. હું મારી સાથે કેટલાંક કેળાં લાવીશ. આપણે તે તેને ખાવા આપશું. હવે આપણે ઘેર ચાલો.

---

29. The Sun 1 and the Moon.2

(ધ સન ઍન્ડ ધ મૂન) સૂર્ય અને ચંદ્ર.

Ball (બૉલ) ગોળો.

Wenld die (વુડ ડાય) મરી જાય, નાશ પામે.

Far off (ફાર ઑાવ) ઘણે દૂર.

---

(1) Sun-shine, સૂર્યનો પ્રકાશ. (2) Moon-light ચંદ્રનું તેજ ચાંદરણું.

Wide (વાઇડ્) વિશાળ.
Plain (પ્લેન્) મેદાન, Plants (પ્લૅન્ટસ્) છોડવા.
That (ધૅટ્) જે.
By night (બાયનાઈટ) રાતે.
Of its own (ઓવ ઈટસ ઓન્) તેનું પોતાનું.

૨૯ સૂર્ય ને ચંદ્ર.

સૂર્ય અને ચંદ્રને દડા જેવો આકાર છે. સૂર્ય અગ્નિનો મોટો ગોળો છે. જો સૂર્ય ન હોય તો સઘળી વસ્તુઓ અંધારાવાળી અને ઠંડી થઇ જાય; કોઈ છોડવો ઉગી શકત નહિ. અને સઘળી ચાલે નાશ પામે.

સૂર્ય અને ચંદ્ર આપણાથી ઘણે દૂર છે, અને તેથી તેઓ નાના દેખાય છે. જ્યારે આપણે વિશાળ મેદાન ઉપર ઉભા રહીએ છીએ ત્યારે જે ઝાડ આપણાથી દૂર હોય છે તે નાના છોડવા જેવા દેખાય છે. પણ જ્યારે આપણે તેમની પાસે જઈએ, ત્યારે તેઓ જેવાં મોટાં છે તેવાં આપણે જોઇએ છીએ. આપણે સૂર્ય અને ચંદ્ર પાસે જ શકતા નથી, અને તેથી તેઓ કેટલા મોટા છે તે આપણે જોઈ શકતા નથી. ચંદ્રમા રાત્રે પ્રકાશે છે. તેને ઠંડો પ્રકાશ છે તેથી તે સૂર્ય જેટલો પ્રકાશીત નથી.

ચંદ્રને પોતાનું અજવાળુ નથી, પણ તેનું અજવાળુ તેને સૂર્ય પાસેથી મળે છે.

સૂર્ય અને ચંદ્રમા આપણાથી ઘણા દૂર છે અને તેથી તેઓ નાના હોય એવા દેખાય છે. ચંદ્રને પોતાનું અજવાળુ નથી, તેને સૂર્ય પાસે તેનું અજવાળુ મળે છે.

---

30 Boys (બૉયઝ્) છોકરા.

Truth 1 (ટ્રુથ્) સત્ય.
Will tell (વિલટૅલ્) કહેશે.
Wise 2 (વાઇઝ) ડાહ્યો.
Lessons (લૅસન્સ્) પાઠ.
Brave 3 (બ્રેવ) બહાદુર.
The strong (ધ સ્ટ્રૉન્ગ) જોરાવર માણસ.
Help (હેલ્પ) મદદ કરવી.
The weak (ધ વિક્) નબળા માણસ.
Will try (વિલટ્રાય્)યત્ન કરશે.
Loving (લવિંગ) પ્રેમાળ.
Obeys 4 (ઓબેઝ્)આજ્ઞા પાળેછે
Kind (કાઇન્ડ્) માયાળુ.
Colours (કલર્સ) રંગ.
Blue (બ્લ્યુ) આસમાની.
Dew (ડ્યુ) ઝાકળ.
Yellow (યલ્લો) પીળું.
Iron 5 (આયર્ન્) લોઢું.
Heavy (હેવી) ભારે.
Feathers (ફેધર્સ) પીછા.
Light (લાઇટ્) હલકું.
Rubies (રુબીઝ્) માણેક.
Diamonds (ડાયમંડ્ઝ્) હીરા.
Copper (કૉપર્) તાંબું.
Brown (બ્રાઉન્) ગુવરું, બદામી રંગનું.
Steel (સ્ટીલ્) ગજવેલ.
Grey (ગ્રે) ધોળા રંગનું, ભુરૂં.
Break of day (બ્રેક ઑવ ડે) પરોઢીએ, પ્હો ફાટતાં.

30 Boys (બૉયઝ્) છોકરા.

સારો છોકરો હમેશાં સાચું બોલશે,
ડાહ્યો છોકરો પોતાના પાઠ સારી રીતે શીખે છે;

---

(1) Truth પરથી વિશેષણ Truthful સાચો. (2) Wise પરથી નામ Wisdom (વિઝ્ડમ્) ડહાપણ. (3) Brave પરથી નામ. Bravery (બ્રેવરી) બહાદુરી. (4) Obey પરથી નામ Obedience (ઓબીડિયન્સ્) તાબેદારી. (5) To iron (ક્રિયાપદ) લુગડાંને અસ્ત્રી કરવી. (6) Coppers તાંબાના પૈસા

બહાદુર છોકરો જુઠ્ઠું બોલશે નહિ.
જબરો છોકરો નબળા માણસને મદદ કરવાને યત્ન કરશે.
પ્રેમાળ છોકરો પોતાની માની આજ્ઞા પાળે છે,
માયાળુ છોકરો તેના નાના ભાઇને મદદ કરે છે;
જે છોકરો સારો માણસ થવા ઈચ્છે છે તે,
એકદમ શરૂઆત કરશે, અને પોતાથી બનશે કરશે

રંગ.

ઘાસ લીલું છે અને આકાશ આસમાની છે,
લીલા ઘાસ ઉપર ઝાકળ ધીમેથી પડે છે;
સોનું પીળું છે ને રૂપું ધોળું છે,
લોઢું ભારે છે ને પીછાં હલકાં છે.
માણેક લાલ છે ને હીરા ચળકતા છે,
તાંબું બુરા રંગનું છે અને પોલાદ ઘેરા નીળા રંગનું છે;
મ્હો ફાટતાં વાદળાં ધોળાશ પડતાં હોય છે.

---

31 Flowers 1 and Leaves.

(ફ્લૅવર્સ એન્ડ લીવ્ઝ) ફુલ અને પાંદડાં.

Bunch 2 (બન્ચ) ઝુમખું
Buds (બડ્ઝ) કળીઓ.
Roses 3 (રોઝિઝ) ગુલાબનાં ફુલ.
Sweet (સ્વીટ) ખુશબોદાર, સુગંધી.
Drops (ડ્રૉપ્સ) ટીપાં.

---

(1) A nose-gay એ નોઝગે) ફુલનો ગોટો. (2) A bunch of keys, કુંચીઓનો ઝુંમખો. (3) Rose પરથી વિશેષણ Rosy (રોઝી) ગુલાબી રંગનું as, rosy cheeks (રોઝી ચીક્સ) ગુલાબી રંગ જેવા ગાલ.

અહીંઆ ફુલોનું અને પાંદડાનું ઝુમખુ છે. ઝુમખા ઉપર કેટલીક કળીઓ છે. તેઓ કેવી સુંદર દેખાય છે? આ ફુલો ગુલાબ છે. ગુલાબ ફુલોની રાણી કહેવાય છે. ગુલાબની બહુ ખુશબોદાર વાસ આવે છે. લાલ ગુલાબ, પીળા ગુલાબ અને ધોળા ગુલાબ હોય છે. આ ગુલાબ ધોળા છે. તમે ચિત્રમાં બે કળીઓ જુઓ છો. કળીઓ મોટીને મોટી થતી જશે. પછી તેઓ ખીલશે અને ફુલો બહાર નીકળશે. દરેક કળીમાં એક નાનું ફુલ હોય છે. ફુલ અને પાંદડાં ઝાડ ઉપર ઊગે છે. પાંદડાં પહેલ વહેલાં લીલાં હોય છે. પછી તેઓ સુકાઇને ભુખરા રંગના ને પીળાં થાય છે તે જમીન ઉપર પડે છે. કેટલાંક પાંદડાં ઉપર તમે ઝાકળના ટીપાં જુઓ છો.

---

32 The Little Boy's Good-Night.

(ધ લિટલ્ બૉયઝ ગુડનાઇટ્) નાના છોકરાની રાતની સલામ.

No longer (નો લૉન્ગર્) વધારે વાર નહિ

Peep 1 (પીપ્) દેખાવું.

Asleep (ઍસ્લીપ્) ઉંઘેલાં, નિદ્રાવશ.

Darling (ડાર્લિંગ) વહાલાં, પ્યારૂં.

Sure 2 (શૂર્) ખાતરીવાળુ઼.

Words (વર્ડ્ઝ્) શબ્દો.

Awake (અવેક્) જાગતા.

Keep (કીપ્) રહેવું.

Kiss 3 (કીસ્) બચ્ચી કરવી.

Friends 4 (ફ્રેન્ડઝ્) મીત્રો.

---

(1) Peep of day અરૂણોદય. (2) Sure પરથી નામ surety (શૂઅરિટિ) ખાતરી-હાજર જામીન. (3) Kiss જ્યારે નામ હોય ત્યારે બચ્ચી.

સુરજ વધારે વાર તેનું અજવાળું આપતો નથી,
તારાઓ દેખાવા માંડે છે;
બધાને (રાતની) સલામ કહેવાનો વખત થયો છે,
પક્ષીઓ બધાં ઉંઘી ગયાં છે.
(રાતની સલામ) તમે નાના વહાલાં પક્ષીઓ,
સવારનો પ્રકાશ થતાં સુધી સારી પેઠે ઉંઘજો;
મને ખાતરી છે કે જો તમે શબ્દોમાં ગાઈ શકો તો,
તમે (રાતની) "સલામ" બોલત.
(રાતની) સલામ, મારા સુંદર ફુલો સલામ?
તમે ઉંઘી શકશો નહિ;
અને તમે સઘળા તારાઓ આખી રાત આવા તેજસ્વી
પ્રકાશો છો તે તમે જાગતા રહેજો?
(રાતની) સલામ મારા વહાલા બાપા ને વહાલી મા,
હવે તમારા નાના દીકરાને બચ્ચી કરો;
રાતની (સલામ) મારા મિત્રો, દૂરના અને પાસેના બંનેને,
દરેકને સલામ.



રા. રા. કે. બી. નાણાવટી કૃત.

ઘણાજ સુધારા વધારા સાથે

ધી પોકેટ જેમ ગુજરાતી ઇંગ્લીશ

ડિક્ષનેરી.

કે. બી. નાણાવટી કૃત.

ડીક્ષનેરી એટલે કોષ—ખજાનો—ભંડાર એમાં જેટલો સમાવેશ ક તેટલો ઓછો, માટે આવા શબ્દકોષો જેટલા થાય તેટલા થોડાજ ની આવૃત્તિમાં ઘણાજ સુધારા કર્યા છે. અને ચારસો નવા શબ્દો સમાવેશ કર્યો છે. સોનેરી નામવાળા કપડાથી બંધાવી છે, ખમાં લેવાને સવડ પડે તેથી તેની કીંમત માત્ર રૂ. ૧-૮-૦ રાખી છે. રવાનાને ટપાલ ખર્ચ સાથે વી. પી. ૧-૧૪-૦ પડશે.

ધી સ્ટુડન્ટસ કાલીન્સ.

પોકેટ ઇંગ્લીશ ગુજરાતી ડિક્ષનેરી

આવી ડિક્ષનેરી કદી બહાર પડી નથી તેમ આમાં [illegible] સમાવેશ કરવામાં આવ્યો છે. સઘળા ઉચ્ચાર, અર્થ અને "અક્ષર વર્ણન" આપવામાં આવ્યા છે.

હમેશાં બોલવા ચાલવામાં જે ઇંગ્રેજી શબ્દોની જરૂર પડે છે તે આ ડીક્ષનેરીમાં આપવામાં આવ્યા છે. "કોલીન્સ જેમ ડિક્ષનેરી" જેવી આ ડિક્ષનેરી છે અને તેના ઉપર મોંઘું કપડાનું પૂઠું રાખવામાં આવ્યું છે. કીમત ૦-૧૦-૦.

લખો,

એસ. બી. શાહની કંપની.

પાનકોરનાકા—અમદાવાદ.